# માણેકશાહ ચરીત્ર.

૧૯૯૬

રચનાર

કવી જેશંગદાસ ત્રીકમદાસ પટેલ.

રેહેવાશી

મોજે બાવળા તાલુકે ધોળકા

જીલ્લે અમદાવાદના

(પ્રથમ સંવત ૧૯૩૦ ની સાલમાં બનાવેલું

તે આજે સેહેજસાજ સુધારા સાથે

અસલ રૂપ પ્રમાણે છપાવ્યું)

અમદાવાદ.

માણેકચોક આગળ કાગદીઓળની સામે

શા૦ હીરાભાઈ પુંજાસાના મકાનમાં

"અમદાવાદ ટાઈમ્સ પ્રેસ"માં

કાળીદાસ સાંકળચંદે છાપ્યું.

સંવત ૧૯૪૦. સન ૧૮૮૩.

(ગ્રંથ સ્વામીત્વનો હક કર્તાએ પોતાના

સ્વાધીન રાખ્યો છે.)

કિંમત રૂ૦-૫-૦

૧૯૯૬

# પ્રસ્તાવના.

પ્રમી સ્ત્રી પુરૂષનાં આનંદી મનને અવકાશની વખતે અત્યંત આનંદ આપવા માટે મેં સંવત ૧૯૩૦ ની સાલમાં આ માણકશાહ ચરીત્ર નામની એક કલ્પીત વાર્તા બનાવેલી. પરંતુ કેટલાંએક ખાસ કારણોને લીધે આજ સુધી તે જેમની તેમ છપાયા વગર રહેલી. હાલ અનુકુળ પ્રસંગ આવવાથી તે છપાવી બાહાર પાડીછે. એમાં સ્ત્રી અને પુરૂષ એ બંનેના મનને આનંદની સાથે કેટલીક શિખામણ મળે એવા હેતુથી રચી છે. આ વાર્તા રચ્યા પછી તુર્તજ મેં "કમળા સ્વયંવર" એ નામની એક રમુજી અને હાલના સુધારાને અનુકુળ પડતી વાર્તા પદ્યમાં બનાવેલી છે. તેમાં તમામ રાગો ઘણુ કરી ચાલતી દેશીઓના છે. એ વાર્તામાં નાયક અને નાયીકા બંને સુધરેલાં છે. હાલ તે છપાવવા વિચાર હતો. પરંતુ તે ગ્રંથ ઘણો મોટો હોવાથી અનુકુળ વખતે છપાવવા રાખ્યો છે. આ માણકશાહ ચરીત્ર વાંચતાં પેહેલાં તેના દેશી રાગ બરોબર આવડવા જોઈએ. જો રાગની ગત સારી હશે તો વાર્તામાં ઘણીજ રમુજ પડશે. તેમાં પણ પીંગળના રાગો કરતાં દેશી ઢાળોમાં ગાવુ ઘણુ રસીક લાગે છે. અને એજ ખાસ કારણથી મેં આ ગ્રંથમાં દેશી રાગ પસંદ કરયા છે. તા૦ ૧—૨૧—૮૩

ગ્રંથ કર્તા.

૧૯૮૬

# અર્પણ પત્રીકા.

## રા. રા. વકીલ દામોદરદાસ દેવચંદ.

મુ૦ ધોરાજી.

આપ સંસાર વેહેવારના કામમાં તથા સંસાર સુધારાના કામમાં અત્યંત પ્રેમી પુરૂષ છો, અને વળી મારા ખાસ દોસ્તદાર છો, તેમજ આપે પુનર્લગ્ન કરી સંસાર વ્યવહાર ઉપરનો પરિપુર્ણ પ્રેમ આલમની આંખ આગળ રજુ કર્યો છે. તે ઉપરથી આ સંસાર વેહેવારના પ્રેમ સંબંધી ચીતારની રમુજી વાર્તા આપનેજ અર્પણ કરવા ઇચ્છુ છું તે માન્ય કરશો.

સહી કવી જેસંગદાસ ત્રીકમદાસ.

તમારો દોસ્તદાર.

# માણકશાહ ચરીત્ર.

## ગણપતીની સ્તુતી.

### દોહરા.

ગુણપતિ તારા બાપનું, કરૂ પુજન બહુ વાર;
મે'ર કરી તું રાખજે, સેવકનો બહુ ભાર. ૧
અલ્પ મતી હું અધીક છું, સેવક શરણાંગત;
વિવાહ મંડણ કામમાં, તું કહાવે સમરથ. ૨
જે જે કામ આરંભતાં, સમરે તારૂ નામ;
લીલા લ્હેર ત્યાં થઈ રહે, એ મોદીકનું નામ. ૩
એમજ આ આરંભમાં, ધરૂં હું તારૂં ધ્યાન;
માણક ચંદા વાતમાં, દે મુજને બહુ જ્ઞાન. ૪

### વાર્તા.

શેહેર અતી સોહામણું, સુરત નામ સુજાણ;
વણિક જન ત્યાં બહુ વસે, લખોપતી નિરવાણ. ૧
તેમાં તો જન એક છે, સૌને શીર સરદાર;
મોતીશા' તે જાણજો, લખોપતી લખદાર; ૨
પુન્ય અધિક તે જન કરે, કરે ધરમનાં કામ;
પઈને માટે જેંજ દે, એવી જેની હામ. ૩
તેને ત્યાં એક પુત્ર છે, માણકશા' નિરવાણ;

રૂપ અધિક સોહામણું, જાણ્યે ઉગ્યો ભાણ. ૪
લક્ષણ બત્રીસ તેહનાં, સર્વ કળા પરકાશ;
છેલ ચતુર સોહામણો, કાંઈએ નહીં કચાશ. ૫
વાણોતર સારા સહુ, કરે કોઠીધા કામ;
રૂડી રીતે ચાલતા, હૈયે રાખી હામ. ૬
ઘરમાં સઉ સાથે રહે, હળી મળીજ અપાર;
માત ભગની સમ જાણતા, મોટી નાની નાર. ૭
એમ ઘણા દીન વહી ગયા, આવ્યા દુઃખના દીન;
શેઠ અધિક માંદા પડ્યા, થયા સહુ ગમગીન. ૮
પુત્ર અધિક રૂવે ઘણું, નેત્ર ભરી બહુ વાર;
સમજાવા સઉ કારણે, બોલે બહુ બહુ વાર. ૯
શેઠ અધિક મોટા થયા, રડશો નહિં લગાર;
આડી વાડી મુંકીને, જાય સ્વર્ગ મોઝાર. ૧૦
તારે ફિકર કશી નહીં, માણકશા' નિરવાણ;
પનોતા થઈ પામશો, મોતીશા' મૃત જાણ ૧૧
એમ કરંતાં દો દીને, મર્ણ પામીયા શેઠ;
સમજ્યાને અગ્નિ દઈ, પો'ચાડ્યા છે ઠેઠ. ૧૨

## ચોપાયા.

હાહાકાર થયો ઘેર ઘેર, ચાલ્યા શેઠ વાળીને વેર;
કોઈની નવ રહી હિંમત હામ, હવે શું રે થશે આ ઠામ. ૧૩

સહુ રૂવે છે અપરમપાર, શોકાતુર થયા દીલદાર;
પડી શેહેર બધે હડતાળ, કોપી ઉઠ્યો ખરેખરો કાળ. ૧૪
શેઠ મુવા અચાનક આમ, ફરે વસ્તીનો ઝાઝો ન ઠામ;
એક દીકરો નાનો બાળ, મુકી શેઠ ગયા આ કાળ. ૧૫
પણ છુટકો એનો ન કાંઈ, કરો વરો ઈજત સમ આંહી;
તેડાં કરોને દેશો દેશ, વાર કરો નહીં લવલેશ. ૧૬
તેર દિવસ વહી જશે ઝટ, થશે નહીં તો જશે વટ;
માટે કરો ઉતાવળ બહુ, ઘરનાં જાણી કહુ છું સહુ. ૧૭
લાવો સારામાં સારી ખાંડ, નવ લાવો ભુલે બુરા ખાંડ;
જાઓ લઈ આવો સારી શાળ, પછી કઢાવો ગોળાની ભાળ. ૧૮
ફેડ કરાવી કરો સાફ, દાળ છડી ભરો ઉતરાફ;
લાવો ઘી બહુ સારૂ જોઈ, અને તેડાવો સારા કંદોઈ. ૧૯
ભરડાવો ચણાની દાળ, નવ જવા દો મિથ્યા કાળ.
ઝીણો મેંદો જોશેજ અપાર, ઘઉં દળાવો આણી વાર. ૨૦
હવે નવ કરવી કાંઈ વાર, સર્વ સામગ્રી કરો તૈયાર;
જેને સોંપ્યુંછે જેજે કામ, તે તે પુરો કરો રાખી હામ. ૨૧

## દોહરા.

લાડુ બનાવ્યા ખાંડના, ઘીએ ભર્યા ભરપુર;
જમવા બેઠા પંગતે, જાણે સાગર પુર. ૨૨
દાળ જમ્યા લાડુ જમ્યા, જમ્યા વિવિધ પકવાન;
સહુ જન શેઠ વળાવીને, ગયા દેઈ બહુ માન. ૨૩

એમ ખરચ વિના પછી, કરયું નકી નિરધાર;
મુંબાઈ શિક્કાના થયા, હામજ દશ હજાર. ૨૪
દેશ બધે જશ વાધિયો, ભલાં ભલાં કે'વાય;
મોતીશા'નું મુલકમાં, નામ બધે ચરચાય. ૨૫
એમ કરંતાં બહુ દીને, વણિક આવીયો એક;
પુત્રી વેવીશાળશું, કરવા સુભ વિવેક. ૨૬
વરસ બારની એહ છે, કંન્યા બાળ કુંવાર;
[1]મુગ્ધા મણી સમ ઝળકતી, રૂપ તણી ભંડાર. ૨૭
તે શું લગ્ન કરો તમે, માણકશાહ સુજાણ;
જે થકી સગપણ આપણું, થાય અધિક નિરવાણ. ૨૮
ત્યારે ત્યાં સો બોલીયા, કરો સગાઈ નિરધાર;
કંકુ લાવો થાળમાં, નવ કરશો કાંઈ વાર. ૨૯
વદતાં વદતાં વેણ એ, ઊઠયો ચાકર સાથ;
કોઈ કંકુ કોઈ કરસલી, ઝાલી લાવ્યા હાથ. ૩૦
વળી કોઈ લાવ્યા વેગથી, સુવરણવરણી શાળ;
વેવાઈએ તે પ્રિતથી, ચોડી શેઠ કપાળ. ૩૧
હરખ તણા હકથી પછી, સાકર લાવ્યા સાર;
ઓબ ઓબ વે'ચતાં, વે'ચી અપરમપાર. ૩૨
પછી જમણ કીધુ તહીં, વેવાઈઓને કાજ;
વેવાઈ જમતાં બોલીયા, "દીન દીવાળી આજ." ૩૩
કરી રસાઈ રૂડી ઘણી, જમતાં નાવે પાર;

1. જેને જોબન વાપ્યું નથી તે બાર વરસની કન્યા.

ખુશ ખુશ સૌ થઇ ગયા, વેવાઇઓ આવાર. ૩૪
હરખ વધ્યો મન અતી ઘણો, શું કહુ આણીવાર;
ચંદાનું ચિત્ત ખુલીયું, જે આવી આ ઠાર. ૩૫
નહિં તો કાંઇક પડત એ, દુઃખ તણો ભંડાર;
પણ પુન્ય આડું આવીયું, જે આવી આ ઠાર. ૩૬
બે ત્રણ દીન રહ્યા પછી, વેવાઈ કરી જવાર;
આપ વતન જાવા ગસે, નિકળીયા નિરધાર. ૩૭
વળો વળો સૌને કહી, લીધી લાંબી વાટ;
કઇક દીને ઘર પુગીયા, ભાગી મન ઊચાટ. ૩૮
એમ કરંતાં બહુ દીને, બોલ્યો માણેક મંન;
જોવા માટે હું જઊં, ચંદાના ગુણ તંન. ૩૯
ગુણ દોષ હું એહના, કરૂં મન પરકાશ;
માટે મારી જગપતી, પુરણ કરજો આશ. ૪૦

---

તારૂ ગોકુળ જોવાન આ૦ચર મથુરાંના વાશી. એ રાગ

ગુણ જોવા માટે હું તો જાઉરે ચંદા નારીના;
જોયા વિણ અતીશે મુંઝાઊંરે ચંદા નારીના. ટેક.
રૂપ અતી વખાણાયછેરે, સુરત શેહેરની માંહી;
પણ તું તો પોરબંદરેછું, હું તો વસુ છું આંહીરે. ચં૦ ગુ૦ ૪૧
વાહાણ ભરી હું પ્રીતથીરે, હંકારૂ ચંદાને દેશ;
જોવા માટે હું અધીરોરે, તારૂં જોબન બાળેવેશરે. ચં૦ ગુ૦ ૪૨

પ્યારી તારા હું ગુણનુંરે, ધરવાને આવું ધ્યાન;
ગુણ દીઠે પીયુ થઈ રહુંરે, જેમ તરવાર ઉપર મ્યાનરે. ચં.ગુ.૪૩
ક્યાંરે રહ્યુ શેહેર સુરતીરે, ક્યાંરે રહ્યું શેહેર પોર;
ગુણ જોવાને હું આવીયોરે, ધરનો ધનીને ચોરરે. ચં૰ગુ૦૪૪

---

## "વળતી લાડણીને શણગારીરે, પીઠી ચોળીને પાટ બેસારીરે" એ રાગ.

વાહાણ પોહોચ્યું સમુદ્રપારરે, નવ લાગી લગારે વારરે;
તર્ત ઉતારી નાંખ્યો માલરે, ભરી રાખ્યો કરી સંભાળરે. ૪૫
એમ કરતાં ગયા બહુ દંનરે, એક આવ્યો સોદાગર તંનરે;
માલ દેખી થયો પરસંનરે, લેવા ધાર્યું પોતાને મંનરે. ૪૬
તર્ત અંધો થઈને પડોચોરે, માલ લેતાં લગારે ન ખડોચોરે;
ભરી મોકલ્યો દેશો દેશરે, નવ રાખ્યો તહાં લંવલેશરે. ૪૭
પછી નાણું ગણીને આપ્યુંરે, શેઠે છુટનું થોડુંક કાપ્યુંરે;
લેઈ ચાલ્યા તે બંદર માંહીરે, જઈ મળીયા વણીકને તાંહીરે.૪૮
નાણું ભરીને લીધો પત્રરે, ઠામ લખાવ્યો પોતાનો તત્રરે;
નામ હીરો ધરાવ્યું એ દેશરે, લીધો કાછીયા કેરો વેશરે. ૪૯
વેચે વંત્યાક કેરૂં શાકરે, રાખે ખરેખરો ડીમાકરે;
બહુ લેવા આવે ત્યાં જંનરે, રૂપ દેખી મોહે સહુ મંનરે. ૫૦
એમ કરતાં ગયા બહુ દંનરે, એવે આવ્યો એક શેઠ તંનરે;
ઘેર વરો હતો બહુ મોટોરે, તેથી શાકનો પડતોતો તોટોરે. ૫૧
માટે પુછતો પુછતો આવ્યોરે, હીરો તર્ત તાજુ શાક લાવ્યોરે;

શેઠે મોકલીયાં તે ઘેરરે, પછી કીધી હીરાપર મહેરરે. ૫૨
આજ નોતરૂ તારે મારૂરે, ઘેર શેઠેર બધું જમનારૂરે;
ત્યારે હીરે કરયું તે કબુલરે, નવ કીધી લગારે ભુલરે, ૫૩
જોવા ચંદા નારીના ગુણરે, માટે ખાવું પડે આ લુણરે;
એમ ધારી બેઠો તે મનરે, એવે અસ્ત પામોયો દિનરે. ૫૪
ત્યારે આવ્યું ત્યાં શેઠનું તેડુંરે, હીરો ચાલ્યો વાશીને પેહેડુંરે;
નાત જમવા બેઠી છે સહુરે, ઉપમા હું અધીક શી કહુંરે. ૫૫
માંહે મોખી સજ્જન બહુ આવેરે, ઓઢી પીતાંબર તે લાવેરે;
કઈક છેલીયા બાળવેશરે, ફરે છુટા મુકી શીર કેશરે. ૫૬
કઈક ઘાલ્યા ગળે ગળસ્થળરે, કઈક ખું ખું કરે પળ પળરે;
કઈક કીધું કપાળ સરસરે, જોઈ કામની પામે તરસરે. ૫૭
કઈક નારી હીંડે હંસ ચાલરે, વારે વારે સમારતી બાલરે;
કઈક દાંતી જડીતી રેખરે, જાણે શોભે છે સુવર્ણ લેખરે. ૫૮
કઈક અંજન કીધું અદકુંરે, ગાલ વચ્ચે શોભે શ્યામ ટપકુંરે;
કઈક ઓઢયા હતા સુભ સાળુરે, કઈક પેહેરયું ચોળુ કોરવાળુરે. ૫૯
કઈક પેહેરી કંચન ભત ચોળીરે, કઈક ઓઢી ઓઢણી રંગ બોળીરે;
કઈક કેશ લટકતા મુકયારે, જાણે નાગ આવો ત્યાં ઝુકયારે. ૬૦
કઈક પેહેરયાં છે કલ્લાં કાંબારે, કઈક પેહેરીછે કાંચળી લાંબીરે;
કઈક પેહેરયા કંચનના ચુડારે, બાંહે બાજુબંધન રુડારે. ૬૧
કઈક સેંથો ભરયો બહુ સારેરે, શોભે સિંદુર માંહી રંગદારેરે;
કઈને માથે જડીતજ બોરરે, એક લટકે છે ઉપર મોરરે. ૬૨
એમ શોભા તણો નહી પારરે, નાત જમવા બેઠી એ વારરે;

જેને જોઈએ તે માગી લેછેરે, નામ દઈને સાદ પાડુછેરે। ૬૩
એમ કરતાં ગઈ પોર રાતરે, ત્યારે જમી ઉઠી સહુ નાતરે;
હવે હીરા તણુ શું થાયરે, કહે જયસંગ તે મહીમાયરે. ૬૪

---

"ઓખા કરતી અતી પોકાર હોરે હુડીલા ગણા એ રાગ."

ગત હીરા તણી શી થાય, સજ્જન સાંભળજો.
કહું તેહ તણો મહીમાય, સજ્જન સાંભળજો. ૬૫
નાત જમી ગઈ સહુ ઘેર, સજ્જન સાંભળજો;
હવે શીરે થઈ તહાં પેર, સજ્જન સાંભળજો. ૬૬
વીતી ગઈ હતી પોર રાત, સજ્જન સાંભળજો;
માટે ચોકી મુકી વિખ્યાત, સજ્જન સાંભળજો। ૬૭
શેઠ સુતા પોતાને મ્હેલ, સજ્જન સાંભળજો;
કરે પોતે પ્યારીશું ગેલ, સજ્જન સાંભળજો. ૬૮
ભુલી ગયા હીરાનું નામ, સજ્જન સાંભળજો;
એવે રહી રજની બે [1]જામ, સજ્જન સાંભળજો. ૬૯
ત્યારે શેઠ ઉઠ્યા ઉદાર, સજ્જન સાંભળજો;
ડોકું કાઢ્યું બારીની બાહાર, સજ્જન સાંભળજો. ૭૦
દીઠો હીરો તહીં તતખેવ, સજ્જન સાંભળજો;
ચાલુ કરી શેઠ ત્યાં ટેવ, સજ્જન સાંભળજો. ૭૧
અલ્યા હીરા તું અડધી રાત, સજ્જન સાંભળજો;

---

1. પોર.

બેશી કેમ રહ્યો ગઈ નાત, સજ્જન સાંભળજો. ૭૨
ત્યારે હીરો બોલ્યોરે વચન, સજ્જન સાંભળજો;
સુણો નગરશેઠના તંન, સજ્જન સાંભળજો. ૭૩
જ્યારે કરવું હતું આવું કાજ, સજ્જન સાંભળજો;
દીધું નોતરૂ શીદને આજ, સજ્જન સાંભળજો. ૭૪
આવી બેશી રહ્યો અહીં રાત, સજ્જન સાંભળજો;
કોઇએ પુછી નહી નાત જાત, સજ્જન સાંભળજો. ૭૫
ત્યારે બેઠા હું રાખી વિવેક, સજ્જન સાંભળજો;
રાખ્યો જાત તણો મેં ટેક, સજ્જન સાંભળજો. ૭૬
એવે ઉઠી આવ્યા તમે બાહાર, સજ્જન સાંભળજો;
ત્યારે પામ્યો તમારો હું પાર, સજ્જન સાંભળજો. ૭૭
ત્યારે શેઠ બોલ્યા એણી વાર, સજ્જન સાંભળજો;
ઉઠ ઉજમ જો ભંડાર, સજ્જન સાંભળજો. ૭૮
જોતાં મળે નહી લવલેશ, સજ્જન સાંભળજો;
બોલી ઉજમ બાળવેશ, સજ્જન સાંભળજો. ૭૯
સુણો તાત તમે વચન, સજ્જન સાંભળજો;
વાત કહું રાખીને મંન, સજ્જન સાંભળજો. ૮૦
ચંદા પાસે ભાડું છે ત્રણ, સજ્જન સાંભળજો;
સુણી ચંદા રૂઠી તતક્ષણ, સજ્જન સાંભળજો. ૮૧
ત્યારે બોલી ઉઠ્યા ત્યાં શેઠ, સજ્જન સાંભળજો;
પાછા બેજો સવારે તું નેઠ, સજ્જન સાંભળજો. ૮૨

તોપચંદા માને નહીં લેશ, સજ્જન સાંભળજો;
આપું નહીં ઉજડ થાય દેશ, સજ્જન સાંભળજો. ૮૩
કહી થાકયા ચુકયા સહુ જંન, સજ્જન સાંભળજો;
પછી કરયું ફરી મિષ્ટાંન, સજ્જન સાંભળજો. ૮૪
અને જમાડયો હીરાને ત્યાંય, સજ્જન સાંભળજો;.
પછી સુવારયો ચોકની માંહી, સજ્જન સાંભળજો ૮૫
સુતા પછી તહાં શું થાય, સજ્જન સાંભળજો;
કહે જયસંગ તે સહુ આંહી, સજ્જન સાંભળજો. ૮૬

---

"વઈસ્ણવ નથી થયો તું રે, હરીજન નથી થયો તું રે."
એ રાગ.

સુણજો સહુ જન સંસારી, સુણજો સહુ જન સંસારી;
વરાણું ચંદા ગુણ ભારી, સુણજો સહુ જન સંસારી. ટેક.
નગરસેઠની પુત્રી કહાવે, ચંદા જેનું નામ;
પ્રીતવાળાને મળવા કાજે, પુરણ રાખે હામ. સુણજો૦ ૮૭
પોહોર રાત જ્યાં રહી પાછલી, ત્યારે ઉઠી નાર;
પ્રીતવાળાને મળવા કાજે, ઝટપટ થઈ તૈયાર સુ૦ ૮૮
કડલાં પેહેર્યાં કાંબી પેહેરી, પેહેર્યાં નવરંગ ચીર;
સજક થઈને સુંદરી ચાલી, રાખી મનમાં ધીર. સુ૦ ૮૯
બાહાર આવીને જુએ ત્યારે, રાત ઘણેરી ભાળી;
સમસમ સમસમ સમસમ સંધળે, ભાસે નીશા કાળી. સુ. ૯૦
તુરત મંદાબાઈ ત્યાં પોહ્યાં, મનમાં લાગી બીક;

શું કરૂં ઓ પ્રિતમ પ્યારા, લાગે બીક અધિક. સુ૦ ૯૧
એમ કરતાં અકળાઈને, પાછી વળવા જાય;
તેવામાં ત્યાં હીરો દેખી, ખુશ ઘણેરી થાય. સુ૦ ૯૨
અરે હીરાજી મારા ઉપર, કરો અતી ઊપકાર;
મહેર કરીને મારી શાથે, આવો આણીવાર. સુ૦ ૯૩
દામ આઠ હું તુંજને આપું, સાંભળ હીરા મંન;
પ્રીત કરીને મારી સાથે, આવો રૂડા જંન. સુ૦ ૯૪
હીરો પણ ત્યાં ખુશ થઈને, જોવા ચાલ્યો ખેલ;
દામ આઠ ઊઠતાં લઈને, કરતો ચાલ્યો ગેલ. સુ૦ ૯૫
એમ કરંતાં સોનીને ત્યાં, જઈને ઉભી એહ;
ઉઠાડવાને કાજે ચંદા, વચનો કેવાં કેહ. સુણજો સૌ જન સંસારી. ૯૬

---

"નેણે ઝોલો લાગ્યોરે, પનામારૂ નેણે ઝોલોરે. એ રાગ."
ઉઠો પ્રીતમ પ્યારા આજ, હેત જાણી માહ્યરૂ મારા રાજ;
રાખો રૂદીયા મહીં કાંઈ લાજ, હેત જાણી માહ્યરૂ મારા રાજ;
કરો પ્યારા જોબનનું કાજ, હેત જાણી માહ્યરૂ મારા રાજ. ટેક
આશ ભરી આવી અહીં, પાછું કેમ વળાય;
રાત ઘણી વીતી ગઈ, માટે ઉઠો ગમ્મ તેમ થાય. હેત૦ ૯૭
સારસડી છુટી પડચે, રોઈ મરે તતકાળ;
તેમજ હું અહીં એકલી, માટે રડતી ન રાખો આ કાળ.
હેત૦ ૯૮
આવાં વચન સુણી તહીં, સોની ઉઠ્યો તતકાળ;

તે દેખો ચંદા કહે, નવ પાડો પ્રીતમ મને ફાળ. હેત૦ ૯૯

"વારૂ છું વીઠલર પાલવ નવ ઝાલો." એ રાગ.

જ્ઞાનીડો ઉઠયોરે, આંખ્યો ચોળંતો;
બહુ પ્રિતે એતોરે, ચંદા ખોળંતો. ૧૦૦
બહુ અંધો બનીનેરે, બુમો પાડંતો;
વેગે ચાલંતારે, કપડાં ફાડતો. ૧૦૧
ભીંતે ભટકાતોરે, અંધો થઈ એતો;
ચંદાને મળવારે, આતુર થઈ ફરતો. ૧૦૨
મુખથી એમ બોલેરે, પ્યારી પ્યારીજી;
ચંદા કયાં ગઈ છુંરે, વાહાલી મારીજી. ૧૦૩
વેગે તું આવેરે, મળવા પ્યારાને;
નહીંતો દુઃખ થાશેરે, વાહાલા તારાને. ૧૦૪
તારા વીણ છું હુંતારે, સારસ જ્યમ છુટું;
પડે હરણ હરણીથારે, રણે જેમ વીખુટું. ૧૦૫
એમ હું અહીં કાહાવુરે, કહું તને ઉઘાડું;
દુઃખમાંથી મુજનેરે, પ્યારી તું કાહાડું. ૧૦૬
તું તો હિંમતનીરે, હથીયારાણ કહાવું;
હું તો નામરદજરે, તુજ આગળ આવું. ૧૦૭
માટે મુજ ઉપરરે, મેહેર કરી પ્યારી;
કામસર કેરીરે, પીડ હણો મારી. ૧૦૮
તુજ વીણ આ જગમારે, કોઈને નવ માણું.

બીજી કોઈ નારીરે, જુગમાં નવ ન્યાળુ. ૧૦૯
પ્યારી તું હીરૂરે, હંસ તણી ચાલે;
મુર્છા મુજ લાગીરે, દ્રસ્ટી જઈ ગાલે. ૧૧૦
કંકણને ચુડીરે, તુજ કર ચળકે છે;
પાંદડીઓ કાનેરે, પ્યારી લળકે છે. ૧૧૧
લેલાટે શોભેરે, ચંદર ચાંલેયો;
કર ઉપર ખળકેરે, બાજુ છલેયો. ૧૧૨
તેથી મન મારૂંરે, મોહ અતી પામ્યું;
તુજને દેખીનેરે, મુજ દુઃખ સૌ વામ્યું. ૧૧૩
માટે તું પ્યારીરે, મહેર કરી આવે;
મુજ પ્યારા કેરૂંરે, ઝાજુ શું ફાવે. ૧૧૪
એવું કહી એણેરે, ચંદા ઝટ ઝાલી;
વળતી ત્યાં બેહુરે, લીધી છે તાળી. ૧૧૫
તે દેખી હીરેરે, રીસ અતી આણી;
ઝટ દઈ ચંદાનેરે, ક્રોધ કરી તાણી. ૧૧૬
કપમ બુલે ભામનીરે, મુજને અહીં લાવી;
જે હોય તે અહીંયાંરે, દેને ચુકાવી. ૧૧૭
નહીં તો નહીં છોડુંરે, હાથ હવે તારો;
કપમ અબળા બાળારે, જીવ બાળે મારો. ૧૧૮
ત્યારે ત્યાં ચંદારે, ક્રોધ કરો ખાલી;
મુક મુક ઓ મુરખારે, કર તુટી ચોળી. ૧૧૯
તુજને કોણ લાવ્યુંરે, અહીંયાં આત્યારે;

જાજ ઝટ ચાલ્યોરે, ગદ્ધા આ વારે. ૧૨૦
તોએ ત્યાં હીરોરે, હઠ કરી ઉભો;
ચંદા ગુણ જોઈનેરે, દુઃખ મહીં ડુબ્યો. ૧૨૧
વાગ્યો સૌ રૂંવેરે, કાળ અતી કાળો;
માટે દે હીરોરે, ત્યાં તેને ગાળો. ૧૨૨
ત્યારે ત્યાં ચંદારે, બોલી ક્રોધ કરી;
કુયમ કુયમ આ મુરખારે, જાએ છે ઉતરી. ૧૨૩
લે લે શું માગુરે, બોલ અહીં આપું;
ગુણ તારા જોતાંરે, થઈ આવ્યું માપું. ૧૨૪
એમ કહીને એણેરે, વાળી કર લીધો;
લે લે શું માગેરે, એમ કહી દીધી. ૧૨૫
તે લઈને હીરેરે, કર છોડી દીધો;
વળતાં શા એણેરે, મનસુબા કીધા. ૧૨૬

## વળણ.

ક્રોધ ભરયો ચાલ્યો તહીં, હીરો ઘર ભણી જાયરે;
ત્યાં તેના મનડા તણી, ગત હવે શી થાયરે. ૧૨૭

—

"ઓખા કહે છે સુણ સાહેલી, લાવ્ય નાથને વેહેલી વેહેલી'
આ રાગ.—વેરાડી.

જોઈ હીરાને ચડી છે રીશ, ઠેઠ અંગુઠાથી શીશ.

આવી નારી હું કોઈ નવ ભાળું, જોને કરમ કરેછે કાળું. ૧૨૮
મેહેલી પરણવો પતી પરગામ, જાર રમે છે રાખી હામ;
નવરાખે એ કોઈની માઝા, લાવી અવગુણ ક્યાંથી આ ઝાઝા. ૧૨૯
ધીક ધીક તને ધીક નારી, નથી તું તો મને વરનારી;
હું તો જાણતો હતોજ કેહેવું, આતો નીકળ્યું જોયા જેવું. ૧૩૦
માટે મારૂં નહી એ કામ, નવ ભાખું હવે તુજ નામ;
તારે સુજતે સુજતું કરજે, વર બીજો જોઇને વરજે. ૧૩૧
હું તો પરણું નહીં તુજ સાથે, નવ કરૂં મેળાપો હાથે;
એમ કરતાં અતીશે વિલાપ, આવ્યો હીરાને ધડધડી તાપ. ૧૩૨
તેથી બેશુદ્ધ થઇને તે પડીયો, ધરાણી ઉપર બહુ રડવડીયો;
પછી જ્યારે આવ્યાં હોશ હામ, ત્યારે જવા ધારયું આપ ગામ. ૧૩૩
ત્યારે વેશ ટાળ્યો કાછીયાનો, સાચે સાચો લીધો શેઠીયાનો;
માલ લેઈ ભર્યા બહુ વાહાણ, પોહોરયાં સુરતમાં નિરવાણ. ૧૩૪
પછી ઉતારી નાંખ્યો માલ, માંડ્યો વેચવા ત્યાં તતકાળ;
એવે આવ્યા વાણોતર સહુ, દેખી ખુશ થયા શેઠ બહુ. ૧૩૫
ખોસ્યા ફુલ તોરા બહુ માથે, શેઠ ઘેર આવ્યા સહુ સાથે;
દેખી ખુશ થયાં સૌ જન, માત અતી થયાં મગંન. ૧૩૬
વળતી ગયા બહુ દીન વહી, ચંદા ભરજોબન વશ થઈ;
માટે લેવાં હવે તો લગન, જેથી નિવૃત રેહે મંન. ૧૩૭
એમ ચતુરશા ચિંતવે છે, લગન લગન રટણ કરે છે;
પછી તેડાવી જોશીને તર્ત, પ્રિતે પુછેછે સુભ મહુરત. ૧૩૮

## વલણ.

ચંદાને પરણાવવા, પુછે સુભ મહુરતરે;
પુછી કંકોતરી મોકલી, વેગે શેહેર સુરતરે. ૧૩૯

### “વળતી લાડકીને શણગારીરે પીઠી ચોળીને પાટ બેસારિરે” એ રાગ.

લખી કંકોતરી બહુ પ્રીતેરે, પોહોચી સુરતમાં સુભ રીતેરે;
વાંચી શેઠ કહે મન સાથરે, કેમ બનત થશે એહ સાથરે. ૧૪૦
એ શું પરણું નહીં નિરધારરે, ખરેખરૂં કહું આ વારરે;
તારે મન ગમે તે કરજેરે, બીજો વર જોઈને વરજેરે. ૧૪૧
નવ રાખીશ અહીંની આશરે, કર બીજે ઠેકાણે તપાસરે;
જોયા ખરેખરા તુજ ગુંણરે, ભરી ભામિની ભર અવગુંણરે.
માટે મારો નહિં એ ધરમરે, કહું હવે મુકી સહુ શરમરે;
લખો પત્ર આ પંડયા સાથેરે, નવ લખોતો લખું હું હાથેરે. ૧૪૩
ત્યારે વાણોતરો સહુ બોલ્યારે, કોણે અંતરના પટ ખોલ્યારે;
આજ આવડા કેમ ઉદાશીરે, શેઠ પુરી ઉદાશી ભાશીરે. ૧૪૪
વાંક સસરા તણો શો પડીયોરે, જેથી જીવ બહુ ચડભડીયોરે;
સાચે સાચું કહો આ વારરે, લાજ લગારો નહિં લગારરે. ૧૪૫
ત્યારે માણકશા સુભ રીતેરે, કહે સાંભળો સૌ એક ચિતેરે;
ગયો વાહાણ ભરી હું અહીંથીરે, ત્યારે ખોટ આવીતી એ ઠ
ડીંથીરે. ૧૪૬
જઈ કુતરીચા પીર શેહેરરે, ત્યાં તો કેવી થઈતી પેરરે;

જોધા કાછીયાનો મેં વેશરે, વાત જુઠી નહિ લવલેશરે. ૧૪૭
વેચું વંત્યાકનું સસ શાકરે, જેથી વાગી ગઈ શેહેર હાકરે;
એમ કરતાં ઘણા દીન કેઉરે, નાત ચતુરશા ઘેર તેઉરે. ૧૪૮
જેથી જોઈએ શાક અપારરે, શેઠ તંત આવ્યો એ વારરે;
લઈ મોકલાવ્યું તે ઘેરરે, પછી દીધી મારાપર મેહેરરે. ૧૪૯

કહે જમવા આવજે તુંયરે, હોંશે હીરા કહું છું હુંયરે;
એવી શેઠની પેખી પ્રીતરે, જવા ધાર્યું મેં તહાં ખચીતરે. ૧૫૦
પછી નાત જમી રહી જ્યારેરે, ઘેર થકી ગયો હું ત્યારેરે;
જઈ જોયું તો ન મળે કોઈરે, હું તો શરમાઈને રહ્યો જોઈરે. ૧૫૧
એવે શેઠની દ્રષ્ટી થઈરે, પછી રાતે કરીજ રસોઈરે;
તેહ જમી સુતો હું બાહારરે, વળતી ચંદા ઉઠી એ વારરે. ૧૫૨
ભરી ડબા મહીં મિષ્ટાનરે, ચાલી યાર કને નાદાનરે;
આવી ઓળંગી ઉગર બાહારરે, ત્યાં તો દીઠો ઘણો અંધકારરે. ૧૫૩

તેથી થર થર ધ્રુજે કાયરે, કહે હવે વગે શી થાયરે;
એવું દેખી મને કહે નારરે, સાથ ચાલો તમ આ વારરે. ૧૫૪
તેથી હું પણ સોંઢ્યો સાથરે, ઝાલી નારી નાદાનના હાથરે;
લઈ સોની તણે ઘેર ગઈરે, જઈ આકુળ વ્યાકુળ થઈરે. ૧૫૫
સાદ કરી ઉઠાડ્યો યારરે, યાર ઉઠ્યો થઈ ભરથારરે;
બંને એક બીજાને મળીયાંરે, પ્રીતે પ્રેમ પાસમાં ગળીયાંરે ૧૫૬
એવે ઝાલ્યો મેં તેનો હાથરે, કેમ અમથો કીધોતો સાથરે;
આપ આંટા તણું મને ધનરે, ત્યારે તેણે વિચાર્યું મંનરે. ૧૫૭

પાસે દામ મળે નહી કાંઇરે, એમ ધારી વાળી[1] આપી આંહીરે;
તેહ લેઇ આવ્યો હું ઘેરરે, એવી બની હતી તહાં પેરરે. ૧૫૮
માટે પરણુ નહી એ સાથે, નવ કરૂં મળાવો હાથેરે,
નારી નાદાન છે એ માટેરે, નવ બેસુ હવે એક પાટેરે. ૧૫૯
ત્યારે વાણોતરો સહુ બોલેરે, કોઇ આવે નહિ તમ તોલેરે;
વાત રાખો સહુ પેટ માંહીરે, નવ કરો ઉઘાડી કાંઇરે. ૧૬૦
એથી આબરૂ જાશે તમારીરે, માટે રાખીએ છીએ વારીરે;
નવ ફરે થઇ જે સગાઇરે, એતો લલાટ માંહી લખાઇરે. ૧૬૧
માટે જાન કરો તઇયારરે, નવ લગાડો હવે વારરે;
એ લગ્ન આડી રહી થોડીરે, માટે જવુ હવે જાન જોડીરે.૧૬૨
સુણી શેઠે આપ્યો અભિપ્રાયરે, કહો ચાકરને સજ થાયરે;
વળી તમે જાણો વળ જોઇરે, જાને સુંધરો રહે નહી કોઇરે,૧૬૩

## વળણ.

વાણોતર સહુ સાંભળી, આનંદ કરતા જાયરે;
જાન જોડાવા કારણે, રીત હવે શી થાયરે. ૧૬૪

## દોહરા.

સગાં સહોદર શેઠનાં, મિત્ર મિત્રની નાર;
સોંઢાડી એ સર્વને, કરી જાન તૈયાર. ૧૬૫

## આમેરૂ બાંધા મુલનું. એ રાગ.

જાન જોડી ચાલ્યા સહુ સારથી, હઇડે હરખ ન માય પ
ગીત, માણકશાની જાનમાં

---

1 સોનાની ઝીણી કડી.

મળીયા શોભી સજ્જન સહુ સંગતી, રાખે માણકશાપર
પ્રિત; માણકશાની જાનમાં. ૧૬૬
શોભા શોભી સજ્જનની હું શી કહું, માથે બાંધી આભા
સૌ શાળ; માણકશાની જાનમાં;
જામા જરકશીના અંગ શોભતા, કીધી કેશર આડ કપો
ળ માણકશાની જાનમાં. ૧૬૭
કઈકે રત્ન જડીત લીધા વાટવા, શોભે ઉપર હીરના ગુચ્છ
માણકશાહની જાનમાં;
કઈકે વાળ ઓળ્યા અતી ઓપતા, ઓળ્યાં થંભ અને મુ
ખ મુછ માણકશાહની જાનમાં. ૧૬૮
કઈકે કંદોરા કંચનના પેહેરીયા, કઈકે ગળે ગળચવા સાર
માણકશાહની જાનમાં;
કઈકે કસબી કોરનાં પટ પેહેરીયા, કઈકે પેહેર્યા ગુલાબી
હાર માણકશાહની જાનમાં. ૧૬૯
મળી જાનમાં મિત્રોની ભારજા, ગાય ઉલટથી બહુ ગાન
માણકશાહની જાનમાં;
સાળુ કંચનના પેહેરી કામની, કરતી મિત્ર સમીપે સૌ સા
માણકશાહની જાનમાં. ૧૭૦
કોરે કાજલ આંજેલ આંખમાં, શોભે મૃગાનેણી મુખ
ચંદ માણકશાહની જાનમાં;
પેહેરી કંચન ભાત ભરી કાંચળી, સ્વામી સામું જોઈ હશે
મંદ માણકશાહની જાનમાં. ૧૭૧

ઓળી વાળ્યા છે કેશ અંબોડલા, સેંથે ભરીયલ સિંદુર
ખુબ માણકશાહની જાનમાં;
પેહેર્યાં આભુષણો અતી ઓપતાં, ઓપે ઇંદ્રપરી આજે
ખુબ માણકશાહની જાનમાં. ૧૭૨
એવી સુરતી શેઠની સુંદર જાન સૌ, જઈ પોહોચી છે
અંદર પોર માણકશાહની જાનમાં;
હવે કંન્યા તરફ કેવી રીતનો, થઈ રહ્યો છે મંડપનો સાર
માણકશાહની જાનમાં. ૧૭૩.

## "વળતી સાડણીને શણગારીરે પીઠી ચોળીને પાટ બેસારીરે." એ રાગ.

શેઠે મંડપ રચાવ્યોછે સારોરે, ચોક ચોરીનો સોભેછે ન્યારોરે.
માંહે રત્ન જડીત રૂડા સ્થંભરે, દેખી દીલ થાયે બહુ સ્તબ્ધરે. ૧૭૪
બાંધ્યા ચંદરવા બહુ સારારે, લાંબા તખ્તા લાગે છે પ્યારારે;
હાંડી ઝુમરૂખ ઝળકે ઝાઝારે, જોઈ વેરીના દીલડાં દાઝયાંરે. ૧૭૫
ચોખ્ખી ચાદર માંહી પથરાવીરે, મુકયા બાજોઠ ઉપર લાવીરે;
માંહે મુકીછે કાચ પુતળીઓરે, દીવો દેખી લાગે ઝળમળીઓરે. ૧૭
ભીંતે કનક તણી ગાર દીધીરે, ચિત્ર ચિત્રાવી શોભા કીધીરે;
દીધા કંકુ તણા બહુ થાપારે, શોભે સુંદર રંગીત છાપારે. ૧૭૭
વાગે વીધવીધના ત્યાં વાજાંરે, લાવી ફુલ મુકાવ્યા છે તાજાંરે;
નાચે અપસરા આનંદ ભરતીરે, મોટા મોટા તણાં મન હરતીરે. ૧૭૮
ગાય ગીત ઘણાં રૂપાળાંરે, તાળ મરદંગ સારાં ભાળ્યાંરે;
ત્યાંતો કેળોના થંભ રોપાવ્યારે જોઈ સજ્જનને મન ભાવ્યારે. ૧૭૯

એમ એ અત્તર છંટક કીધાંરે, મન માનવીના હરી લીધાંરે;
ત્યાંતો કામનીઓ સહુ ગાયરે, હવે કન્યાને પીઠી ચોળાયરે. ૧૮૦

## ગણેશ વધાવવાના ગીતનો રાગ.

નારી બની છેલ ફાંકડીરે, જાય પીઠી ચોળવા કાજ, મંડપમાંહી આપતીરે
દીન દીવાળીથી બહુરે, હરખ વધ્યો છે આજ, મંડપમાંહી૦ ૧૮૧
તેલ ઘાલી નાવણ કર્યુંરે, ગાય માનુની મંગળ ગીત, મંડપ માં૦
પેહેર્યું પાનેતર કામળીરે, વધ્યો હર્ષ અતીસે ચિત. મંડપ૦ ૧૮૨
કલ્લાં કાંબીને સાંકળાંરે, હઈએ ગુલાબી હાર, મંડપ૦
ફુલ અંગુઠીયોને ઝાંઝરાંરે, એનો ઘણો ઘમકાર. મંડપ૦ ૧૮૩
હાથે બાજુબંધ પેરયાંરે, કાને કળા ફુલ સોહય, મંડપ૦
આંખમાં અંજન આંજીયુંરે, તેહ દેખી સરવ જન મોહય મં૦ ૧૮૪
કેશને વાંકે અંબોડલેરે, બાંધી મોતીની સેર; મંડપ૦
સુડો ચળકતી ઓપનેરે, પેહેરયો ઓપાવી રૂડી પેર મં૦ ૧૮૫
પાન ચાવે વળી પ્રમદારે, કરતી અતી કલોલ; મંડપ૦
જોબનવંતી ઝળકતીરે, એને વરસ થયાં છે સોળ. મંડપ૦ ૧૮૬
વળની વરને નવરાવવારે, નારી ભેગી થઈને જાય. મંડપ૦
નવરાવ્યો વરને જુગતીએરે, પછી જાન ભલી જોડાય. મં૦ ૧૮૭

### વળણ.

જાન જોડાવી લાવીયા, દીધું કન્યા દાનરે;
પછી વેવાણો પ્રીતથી; કેવાં ગાય ત્યાં ગાનરે. ૧૮૮

જમાઈડા તું દેશો દેશ અથડાતોજી,
જમાઈડા તું કન્યા જોવાને જાતોજી. ૧૮૯
જમાઈડા તું ઘેર નિરાંતે નવ બેઠોજી,
જમાઈડા તું પરઘર ઠેલી માંહી પેઠોજી. ૧૯૦
જમાઈડા તું સુખે સુતો નવ ઘડીજી,
જમાઈડા તું બહુ બહુ હાંકતો બડીજી. ૧૯૧
જમાઈડા તું કન્યા કન્યા મુખ જંપેજી,
જમાઈડા તું રોતો કન્યાને કંપેજી. ૧૯૨
જમાઈડા તેં લાડી અમારી લીધીજી,
જમાઈડા તેં છેતરપંડી કીધીજી. ૧૯૩
જમાઈડા તેં પ્રીત પરાણે કરીજી,
જમાઈડા તેં લાડી અમારી હરીજી. ૧૯૪
જમાઈડા તું હવે નિરાંતે બેસજી,
અંધો થઈને પરઘર માંહીં નવ પેસજી. ૧૯૫
જમાઈડાં તેં કરચાં હશે કાંઈ પુન્યજી,
ત્યારે આવી કન્યા મળી તને ધુન્યજી. ૧૯૬
જમાઈડા તું હવે સુખેથી સુજેજી,
આવી કન્યા મળી દેવસ્થાન પુજેજી. ૧૯૭
હવે જમાઈ ઘેર ઘેર નવ અથડાતોજી,
આવી કન્યા મળ્યે મણાં નવ ખાતોજી. ૧૯૮
જમાઈડા તું હવે સસારમાં રેહેજેજી,
જેસગ કે લાડીને માન દેજેજી. ૧૯૯

## દોહરો.

કન્યાની તરફેણનાં, ખેડાં બનીને ચુપ;
ત્યારે બાનરડી તહાં, ગાએ ગીત અનુપ ૨૦૦

(વરની તરફેણનાં બઇરાં ગાય છે. રાગ ઉપર પ્રમાણે.)
લાડી તારો બાપ દેશો દેશ જતોજી,
તોય તારો કંથ કોઈ નવ થાતોજી. ૨૦૧
લાડી તારી માતા અતિ અકળાતીજી,
વર જોવા દેશો દેશ અથડાતીજી. ૨૦૨
લાડી તારો બંધવ તને બહુ ખીજેજી,
તેહ દેખી ભોજાઈ તારી રીઝેજી. ૨૦૩
લાડી તારી સગાઈ કોઈએ નવ કરીજી,
ત્યારે તારા ઉપર દયા અમે ધરીજી. ૨૦૪
લાડી તેં તો લાડડાને છેતરીયોજી,
અંધો થઈને લાડડી તુજને વરીયોજી. ૨૦૫
લાડી હવે તારૂં કરમ ઉઘડીયુંજી,
ત્યારે તને આવું રતન આજ જડીયુંજી. ૨૦૬
લાડી હવે સુખે સંસાર તું માણજી,
જેશંગ કે પરણ્યા સાથે પ્યાર આણજી. ૨૦૭

## "વળતો લાડણીને શણગારીરે, પીઠી ચોળીને પાટ બેસારીરે" એ રાગ.

ગીત ગાઈ રહી વેવાણીરે, કાંઠ રાત તણો શો આણચાર;
મળી માનુનીઓ મહુસ ટાળેરે, પ'તે માણકશાહને નિહાળેરે. ૨૦૮
એમ કરતાં ગઈ પેહોર રાતરે, થયા માણકશાહ વિખ્યાતરે;
મળી માનુનીઓ સૌ કહેછેરે, શેઠ પ્રિતકરીને સુણીછેરે. ૨૦૯
આજ સુણો આ સામ માહોલરે, જાઓ આપી અમોને કોલરે;
ત્યારે શેઠ વધ્યા નહીં વાણરે, ઘડી બે ત્રણ થઈ નિરવાણરે. ૨૧૦
તેથી સાહેલીઓ સમજાવેરે, મહેણાં મર્માળાં મહુસ કહાવેરે;
તોય સમજે નહીં કાંઈ શાહરે, જુઓ માનુનિઓ મન રાહરે. ૨૧૧
એમ કરતાં ગઈ અતો રાતરે, એવે આવી કન્યાની માતરે;
દીધા ઠપકા શેઠને ભારેરે, ત્યારે જવા ધાર્યું તે ઠારેરે. ૨૧૨
ચાલી સાહેલીઓ સૌ સાથરે, ઝાલી એક બીજાનો હાથરે;
જોડું માણકશાહ સુભ રીતરે, ચાલે પ્રિત ધરી બહુ ચિતરે. ૨૧૩
એમ કરતાં ગયા સૌ મ્હોલેરે, ત્યારે સાહેલીઓ શું બોલેરે;
ઊઠ ચંદા ઊઘાડ કમાડરે, આજ માન અમારો તું પાડરે. ૨૧૪
લાવ્યાં સ્વામી તારો સમજાવીરે, માથાકુટ અતીશે કહાવીરે;
સુણી ચંદા થઈ ચકચીતરે, ઉઠી ઉઘાડવા ભયભીતરે. ૨૧૫
આવી ઉઘાડ્યું એણે એ દ્વારરે, કે ત્યાં પતી દીઠાં નિરધારરે;
તેથી ચંદા અતીશે હરખેરે, સામું જોઈ જોઈને નિરખેરે. ૨૧૬
ત્યારે સાહેલીઓ સૌ બોલીરે, બોલ પ્રીતમશું પ્રીત ખોલીરે;
આમ ઉભે રહ્યે શું થાયરે, એવે માણકશાહ માંહી જાયરે. ૨૧૭

મ્હોલ જોઈ થયો ચકચોતરે, હાંડી વિવિધ જાતની રીતરે;
હાંડી કમરૂખ શોભે સારાંરે, જોઈ પ્રાણને લાગે પ્યારાંરે. ૨૧૮
ફુલ સોત બીછાવી સેજરે, લાવી લવીંગ એળચી મીંજરે;
બાઈ ખૂબી કરી બેહુ જાણેરે, પછી ચંદા પ્રિતેશું ભણેરે. ૨૧૯

## દોહરો.

ચંદા મુખ એમજ ભણે, સાંભળજો મુજ નાથ;
ચોપટ આપણ ખેલીએ, પાસા લ્યોને હાથ. ૨૨૦

વૈરણવ નથી થયો તુંરે, હરીજન નથી થયો તુંરે એ રાગ.
ચોપટ ખેલો મારા નાથ, ચોપટ ખેલો મારા નાથ;
પાસા લ્યોને પ્યારા હાથ, ચોપટ ખેલો મારા નાથ. ટેક.
એક પાસજી તમ બેસજો, બીજી પાસે હુંય;
હાર જીતની રમત રમતાં, થવાનું છે શુંય. ચોપટ૦ ૨૨૧
માણકશાહ—અરે પ્યારી તું સાંભળ મારી, મુખથી કહુંછું વાણ
હાર જીતની રમત રમતાં, પાંડવની થઈ હાણ. સમજો ચંદા
બાઈ મનમાંહી, સમજો ચંદા બાઈ મનમાંહી; હુંતો
રમનારો નહીં કાંઈ, સ૦ ૨૨૨.
ચંદા—અરે નાથજી આવા ક્યાંથી, કંજુસ થઈ આવ્યા;
વીશ મોહોરની હાર જીતમાં, કઠણ કુપમ કહાવ્યા. ચો૦ ૨૨૩
માણકશાહ—હારૂં તો હું ક્યાંથી આપું, પ્યારી વુજને દામ;
માટે ચોપટ રમવાની હું, નથી ચાલતો હામ. સમજો. ૨૨૪
ચંદા—અરે નાથજી શું બોલોછો, કંજુસાઈના બોલ;
છાનામાના બેશી રહોને, લાજી મરશે મોહોલ. ચો૦ ૨૨૫

માણકશાહ—તારે તો તે તૃણને તોલે, મારે મેરૂ સમાન;
માટે રે તું મનમાં નારી, રાખ લગારે ભાન. સમજો. ૨૨૬
ચંદા— અરે નાથજી હું હારીશ તો, આપીશ તમને દામ;
પણ કદાપી તમ હારશો, તો નહીં લઊં હું દામ. ચો. ૨૨૭
માણકશાહ—અરે પ્યારી તું સાંભળ મારી, રમવાની કહું વાણ;
બે આનાની હાર જીતમાં, હા કહુછું નીરવાણ. સમજો. ૨૨૮
ચંદા—અરે નાથજી એ શું બોલ્યા, બે આનાની વાત;
મારે કરમે આવો ક્યાંથી, શોધી લાવ્યા તાત. ચોપટ૦ ૨૨૯
માણકશાહ—સાંભળરે તું ચંદા નારી, બે આનાની હોડ;
રમવું હોયતો આવો જીને, નહીંતો પોહોરયા કોડ. સમજો.૨૩૦
ચંદા—અરે નાથજી એ બોલતાં, શરમાયા નહીં કેમ.
હારો ત્યારે હું નહીં લેઊં, ભાગો મનનો ભ્રમ. ચોપટ૦ ૨૩૧
માણકશાહ—ક્રોડ ઉપાય કરે તું પ્યારી, પણ રમનારો નહીં;
બે આનાની હોડ હોયતો, ભલો ચોપટ અહીં. સમજો૦૨૩૨
કવી—એવું સુણીને ચંદા નારી, થઈ ગઈ ચિંતાતુર;
જેરંગ કે ચોપટ રમવાને, બેઠી શોકાતુર. સુણજો સજ્જન
સૌ સારા, સુણજો સજ્જન સૌ સારા, રૂપેચંદા ચોપારાં. ૨૩૩

## દોહરો.

ચોપટ માંડી ચોંપથી, રમવા બેઠાં એહ;
માણકશાહ ત્યાં હારીયા, ચંદા કેવું કેહ. ૨૩૪

## ગુરૂ ગોવીંદને હું નમું વણઝારારે. "એ રાગ"

નાથ તમ હારી બેઠા હોડે રમતારે,

મેં તો ચોપટ માંડી આજ, ભુલે ભમતારે;
કોઈ દામ હું નવ બોલતી હો રે રમતાંરે,
કરવું અણઘટતું આ કાજ ભુલે ભમતારે. ૨૩૫
દામ આઠ તમે હારીયા હો રે રમતાં,
થઈ ગયું એ ખોટું કાજ ભુલે ભમતારે;
માટે તમે મારા નાથજી હો રે રમતારે;
દામ દેશો નહીં એ આજ ભુલે ભમતારે. ૨૩૬
ત્યારે માણેકશાહ બોલીયા સુણ નારીરે,
કેમ કરૂં હું મિથ્યા વચન વિવેક ધારીરે;
શોહેર સુરતમાં હું વસુ સુંણ નારીરે,
કહાવું મોતીશાહનો તન વિવેક ધારીરે. ૨૩૭
એ માં અતી શી હાર છે? સુંણ નારીરે,
આપું હોય કદી હજાર વિવેક ધારીરે;
એવું કહી ત્યાં શેઠીયે સુણ નારીરે,
વાળી કાઢી ગજવા બાહાર વિવેક ધારીરે. ૨૩૮
લે લે આપું હું તુજને હો નારીરે,
મારા હારયા કેરા દામ વિવેક ધારીરે;
એમ કહી વાળી ધરી લે આ નારીરે,
વળતી વદ્યા અરેરે રામ વિવેક ધારીરે. ૨૩૯
ત્યારે નારી ત્યાં બોલીયાં હો પ્યારારે,
કેમ કાઢયાં શોકાતુર વેણ વાલા મારારે;
શો રે પડયો વાંક મારો હો પ્યારારે,

જેથી રકત કરચાં આ નેણ વાલા મારારે. ૨૪૦
ત્યારે તહાં શેઠ બોલીયા સુણ નારીરે,
વાત માંડી કહું હું આજ વિવેક ધારીરે;
વરો હતો ઘેર તાહરે સુણ નારીરે,
ત્યારે આવ્યો હું જમવા કાજ વિવેક ધારીરે. ૨૪૧
નાત જમી સહુ ઘેર ગઈ સુણ નારીરે,
ત્યારે વીતી ગઈ મધરાત વિવેક ધારીરે.
જમ્યા વિના ત્યાં હું રહ્યો સુણ નારીરે,
એવે ઉઠીયો તારો તાત વિવેક ધારીરે. ૨૪૨
ઉભો મને ત્યાં દેખીને સુણ નારીરે,
શેઠ ઉઠી આવ્યા તતકાળ વિવેક ધારીરે;
પુછ્યું મને જમવા તણું સુણ નારીરે,
પછી ઉઠાડી ઉજમ બાળ વિવેક ધારીરે. ૨૪૩
તેણે જોયું ભંડારમાં સુણ નારીરે,
જોતાં મળે નહીં માંડી લેશ વિવેક ધારીરે
ત્યારે ઉજમ બોલી તહીં સુણ નારીરે,
નાત ચંદા પાસે છે શેશ વિવેક ધારીરે. ૨૪૪
પછી તને ત્યાં પુછીયું સુણ નારારે,
ત્યારે થઈ તું ક્રોધાતુર વિવેક ધારીરે;
ત્યારે પછી તું ત્યાં થકી સુણ નારીરે,
માડી કહીને આવી બાહાર વિવેક ધારીરે. ૨૪૫
પછી મને સાથે લેઈ સુણ નારીરે,

આલી શીખી સોનીને દ્વાર વિવેક ધારીરે;
ત્યારે ગયા પછી તેં મને સુણ નારીરે,
વાળી આપીને કાઢ્યો બાહાર વિવેક ધારીરે. ૨૪૬
દામ આઠ બદલે મને સુણ નારીરે;
વાળી કાઢી આપી એ વાર વિવેક ધારીરે;
રાખ્યા હતાં મેં એહુન સુણ નારીરે,
કરી જુક્તીથી જતન અપાર વિવેક ધારીરે. ૨૪૭
દામ આઠ હું હારીયો સુણ નારીરે,
અને જીતી તું ચંદા નાર વિવેક ધારીરે;
તેહ બદલ આ તુજને સુણ નારીરે,
તારી વાળી આપું આ વાર વિવેક ધારીરે. ૨૪૮
માટે તને હું શું કહુ સુણ નારીરે,
દીસે દીલગીર છું હું અપાર વિવેક ધારીરે.
ગુણ તારા હું શા ગણુ સુણ નારીરે,
ધિક ધિક તારો અવતાર ચંદા નારીરે. ૨૪૯

## વળણ.

એવું સુણી ચંદા તહીં, થઈ ગઈ શોકાતુરરે;
જયસંગ કે પાછળ પછી, રૂવે સાગર પુરરે. ૨૫૦

---

## ફરી હવે ફારબસ જેવોરે, અમલદાર નહી મળે એવોરે. એ રાગ.

**અરેરે દીન સપરમેરે, થયું આવું મારા કરમેરે. ટેક.**

નહીંતો મને મોટ ચોપટ મુજત, રમવાની આ કામ;
કરમ તણા સંજોગે રહેજે, લીધુ મેં એનું નામ. અરે૦ ૨૫૧
સીરે મારે વળી હોડજ ખકવી, પ્રાણ પીયુંની સાથ;
જેથી કરી આવું દુઃખ નીપજ્યું, વઢાયા મારા હાથ. અરે૦ ૨૫
હવે મારે જીવી શું કરવું, આવા પીઊની સાથ;
એને હવે પડનો જ મુકાએ, ઘાલ્યો ચોરીમાં હાથ. અરે૦ ૨૫૩
માટે હવે મરવા વિના કાંઈ, ઉપાય બીજો નહીં;
શું કરૂં ઓ કીરતાર કોપ્યા, રેહેવાય નહીં આહી. અરે૦ ૨૫૪
એવું વળી ચંદાબાઈએ જીભ, કરડી કાઢ્યો જીવ;
મરતી વખત એ એમ વદી જે, શુંય કરૂં ઓ શીવ.
અરેરે દીન સપરમે પડ્યું૦ ૨૫૫

## વળણ.

ચંદા જીભ કરડી તહીં, મરણ પામી એ વાર;
તે દેખી જપસંગ કહે, શેઠ થયા શોકદારરે. ૨૫૬

---

## રાગ મલાર.

માણકશાહ પુછે તહીં હો ચંદારે,
કેમ ધરાણી ઢળી છું તું અહીં હો ચંદારે. ૨૫૭
શુંરે કીધું મેં તુજને હો ચંદારે,
જેથી ડાખ દીધો મુજને હો ચંદારે. ૨૫૮
બારે જ્યારે મરવું હતું હો ચંદારે

ત્યારે પરણ્યુંવુ આ નેહનું હો ચંદારે. ૨૫૯
દગો દેઈને તું ગઈ હો ચંદારે,
ખરેખરી વેરણ તું થઈ હો ચંદારે. ૨૬૦
આળ મુકી મુજ શીર તું હો ચંદારે,
ગઈ ભવ સાગર તરી તીર તું હો ચંદારે. ૨૬૧
પેલે ભવ મેં શું કરયું હો ચંદારે,
જેથી પાપ આવ્યો આજ આ તરયું હો ચંદારે. ૨૬૨
મરી અને મારી ગઈ હો ચંદારે,
હવે ભુંડી વલે મુજ થઈ હો ચંદારે. ૨૬૩
સવારમાં હું શું કહું હો ચંદારે,
શુંજ મુખ દેખાડી હું રહું હો ચંદારે. ૨૬૪
સખી સહુ તુજ આવીને હો ચંદારે,
તારી ખબર પુછે પ્રિત લાવીને હો ચંદારે. ૨૬૫
ત્યારે કહું શું હું તેહને હો ચંદારે,
કેમ સમજાવી શકુ હું એહને હો ચંદારે. ૨૬૬
બોલ એકી કાંઈક બોલને હો ચંદારે,
તારી ગુહ્યની વાત તું ખોલને હો ચંદારે. ૨૬૭
ભાન વગર થઈ ભોંય તું હો ચંદારે,
કેમ પડી રહી કહું શું હો ચંદારે ૨૬૮
મુખ તારૂં મ્હસ બોલતું હો ચંદારે,
કેમ બન્યું અત્યારે અબોલતું હો ચંદારે. ૨૬૯
નેણ તારાં જે આ નાચતાં હો ચંદારે,

કેમ પડયાં અત્યારે આ મીંચતા હો ચંદારે. ૨૯૦
હાથ તારા જે આ હાલતા હો ચંદારે,
કેમ સ્થીર અત્યારે આ ભાળતા હો ચંદારે. ૨૭૧
સુરખી જે આ મુખ શોભતી હો ચંદારે;
કેમ ઉલટી અત્યારે એ ઓપતી હો ચંદારે. ૨૭૨
શખ્ત ખાણુ સુણી આહુચરાં હો ચંદારે,
શું આ શીતળ બન્યાં ગાત્ર તાહુચરાં હો ચંદારે. ૨૭૩
એમ કહી એક ભ્રમથી હો ચંદારે,
શેઠ ઢઢોળે ચંદાને શ્રમથી હો ચંદારે. ૨૭૪
તોપણ તે હાલે નહીં હો ચંદારે,
ત્યારે શેઠની હામ હારી ગઈ હો ચંદારે. ૨૭૫
જાણ્યું હવે જે મુઈ એ હો ચંદા',
કેમ સુએ હવે જઈ સુઈએ હો ચંદારે. ૨૭૬
પડયુ રહે અહીં આ શરીરરે હો ચંદારે,
તો નિશ્ચે મરાણુ મુજ શીરરે હો ચંદારે. ૨૭૭
માટે રાતનાં રાતમાં એહ હો ચંદારે,
કંઈક દપટવી જઈ દેહ હો ચંદારે. ૨૭૮

## વળાણુ.

એમ કહીને એહ ત્યાં, તર્ત થયા તૈયાર;
આભુષણ ઉતારી લેઈ, મુકયાં મહેલ મોઝાર. ૨૭૯
વળતી બાંધી વેગથી, ચંદાને એ વાર;

માણેકશા માથે થઈ, ચાલ્યા મેલની બાર. ૧૮૦

## રાગ આશાવરી.

માણકશાહ ગાંઠડી બાંધી, ચાલ્યા બંદર બાહારરે;
સમુદ્ર કાંઠે જઈને તર્તજ, નાંખી નીર મઝારરે. ૧૮૧
નાંખ્યા પેહેલાં નારીને જોઈ, માણકશાહ મ્હસ રોપરે;
રૂપ અલૌક રામાનું દેખી, શેઠ સ્વભાવીક મોહ્યોરે. ૧૮૨
પણ તેને મન બીક હતી બહુ, આળ મગણની માથેરે;
માટે ગભરું નાખી દેઈને, ચાલ્યો ઠાલે હાથેરે. ૧૮૩
ત્યાર પછી ગાંદરે આવીને; કર્યું જ અંગનું સ્નાનરે;
પણ મનમાં મહા ભય રહ્યાથી, રહ્યું નહીં કાંઈ ભાનરે. ૧૮૪
સ્નાન કરંતાં સ્હેજે ત્યાં તો, ચઢ્યો ચાર ઘડી દીનરે;
કપડાં સરવે કોરાં કરીને, ચાલ્યો થઈ ગમગીનરે. ૧૮૫
શોકાતુરની ચાલ ચાલતો, રૂદયે રાખી બીકરે;
ઉતાવળો ઉતારે જઈને, સુતો થઈને સીકરે. ૧૮૬
ત્યારે તહાં જાનૈયા સૌને, દીલમાં લાગ્યો ડરરે;
માટે ઝટપટ વેવાઈને કહે, કરો કંન્યા તતપરરે. ૧૮૭
ત્યારે ચતુરશાહ ચંદાને ત્યાં, વળાવવાને કાજરે;
ખોળી પણ નવ જડી ત્યારે તે, કહે શું કરીએ આજરે. ૧૮૮
ત્યારે તહાં સૌ જાનૈયા કહે, વેવાઈ સુણો વાતરે;
આજ અમો નિકળીએ તોપણ, પંથ જતાં દીન સાતરે. ૧૮૯
માટે હવે વિલંબ કરો નહીં, વળાવો કંન્યા પરે;

શેઠ અહીં સાંજ નહીં તેથી, ઉત્પાત અમને થાયરે. ૧૯૦
તેથી તહાં ચંદાની ચાલી, સઘળે સોધા સોધરે;
તોય કશી કાંઈ ભાળ જડી નહી, ત્યારે ચઢીયો ક્રોધરે. ૨૯૧
સ્વાર સરસ મંગાવી શેઠે, મોકલીયા દૂર દેશરે;
ખબડદાર ખોળીને લાવો, ચંદા બાળેવેશરે. ૨૯૨
સ્વારોએ દશ દીશા ફરીને, જોયું અપરમપારરે;
તોપણ તેહ જડી નહીં ત્યારે, આવ્યા ઘેર નીરધારરે. ૨૯૩

વળણ.

જ્વાર સહૂ ઘેર આવીયા, જડી નહી ચંદાય;
ત્યારે તહાં જયસંગ કહે, માતા મન અકળાયરે. ૨૯૪

નાથ તમે હારી ગયા, હોડે રમતાંરે. એ રાગ.
દીકરી તું તો ક્યાં ગઈ મારી વાહાલીરે,
આપી શોક અમાને અપાર ક્યાં તું ચાલીરે;
આજ અમારે મંન તો મારી વાહાલીરે,
દુઃખ તણો દીસે નહીં પાર ક્યાં તું ચાલી; ૨૯૫
આજ અમારે વાહાણ સો મારી વાહાલીરે,
ડુબો ચુકયાં સમુદર માંહી ક્યાં તું ચાલી;
સ્વર્ગ સરીખુ શેહેર આ મારી વાહાલીરે,
અમને ઉજડ લાગે છે આંહી ક્યાં તું ચાલીરે. ૨૯૬
તાત સુનો તારા વીના માહારી વાહાલીરે,
વળી સુનો સહોદર સાથ ક્યાં તું ચાલીરે;

સાસરીયાં સુનાં સહુ મારી વાહાલીરે,
વળી સુનો રહ્યો તુજ નાથ કયાં તું ચાલીરે. ૨૯૭
કીયા તે ભવનાં વેર આ મારી વાહાલીરે,
વાળી ગઇ તું આણી વાર કયાં તું ચાલીરે;
આવું તારે કરવું હતું મારી વાહાલીરે,
ત્યારે કયમ જનમી મુજ દ્વાર કયાં તું ચાલીરે. ૨૯૮
કીયા વેરીએ વાળીયાં મારી વાહાલીરે,
મારાં કીયા ભવોનાં વેર કયાં તું ચાલીરે;
દગો કરચો કુણે તને મારી વાહાલીરે,
કે કુણે દીધું તને ઝેર કયાં તું ચાલીરે. ૨૯૯
માત તણી પ્રીત ભુલીને મારી વાહાલીરે,
કેમ દગો દીધો આ વાર કયાં તું ચાલીરે;
તારા વિના હું ટળવળી માહારી વાહાલીરે
ભુંડો ભટકાઉ છું આ ઠાર કયાં તું ચાલીરે. ૩૦૦
તારે જવારે જવું હતું મારી વાહાલીરે,
ત્યારે કરવો તો મુજ મળાવ કયાં તું ચાલીરે;
હવા તારા વિણ મુજને મારા વાહાલીરે,
થયો આ ભવ ઉપર અભાવ કયાં તું ચાલીરે. ૩૦૧
એમ અધીક રૂવે ઘણું એની માતરે,
વળી રૂવે સહોદર સાથ બંધુ તાતરે;
ત્યારે પછી જને તહાં સુણ સજ્જનો,
કહ્યું એઉ જોડીને હાથ ધારી મંનરે. ૩૦૨

## વળણ.

જાન તહાં આવી સહુ, કરી અમને વિલાપ;
જયસંગ કે તેથી તહાં, શોક અતી અમુંઝાપો. ૩૦૩

## રાગ સારંગ.

(વેવાઈ જાનવાળાને કહે છે.)

જાન તણા સૌ સુણો હો, સજ્જન સારા શાણાજી;
ચંદ્રા અહીં નવ કહાવે હો, અમ ટકે વેચાણાજી. ૩૦૪
જાન તમારી આવી હો, ત્યારે પ્રીતે પરણીજી;
આજ અહીં નવ કહાવે હો, મારી એવાં કરણીજી. ૩૦૫
ક્રોધ કરીને કોપ્યા હો, ત્રીલોકીના નાથજી,
પેલે ભવ કોહો કેવાં હો, અબ થયાં મુજ હાથજી. ૩૦૬
તે આજે આ આવું હો, દુઃખ અતીશે દીધુંજી;
સજ્જન જાયે એવું હો, કીરતારે આ કીધુંજી. ૩૦૭
સોળ વરસની શાહાણી હો, બાળા કયાં જોવાણીજી;
છાની કયમ તું રહીછું હો, મારી વાહાલી શાહાણીજી. ૩૦૮
દે મુજને અહીં દર્શન હો, ચંદ્રા મારી વાહાલીજી;
તો મનમાં હું થાઉં હો, પ્રસન્ન તુજને ભાળીજી. ૩૦૯
તારા પેહેલું મુજને હો, મરણ કેમ ન આવ્યુંજી;
ઈશ અધીક આ કેવું હો, દુઃખ મને તેં કહાવ્યુંજી. ૩૧૦
એમ અધીક અકળાઈ હો, વેવાઈ વદીયા વાણીજી;
ચંદા સાટે સોંપુ હો, કાહાતો ઉજમ શાણીજી ૩૧૧

ત્યારે ત્યાં સૌ જાને હો, વિચારયું છે મંનજી;
પાછું કેમ જવાએ હો, સુણો શેઠ સુજનજી ૩૧૨
માટે ચંદા સાટે હો, પરણો ઉજમ આજજી;
તો તો કાંઈકજ રેહેશે હો, શેઠ તમારી લાજજી. ૩૧૩
ત્યારે ત્યાં તે શેઠ હો, પરણવા પ્રીતી કીધીજી;
તેણી તર્તજ તેને હો, ઉજમ અર્પી દીધીજી. ૩૧૪

## વળણ.

અરપી ચંદાને બદલ, ઉજમને આ વાર;
જયસંગ કે હવે પછી, શા થયા સમાચારરે. ૩૧૫

---

## રાગ રામગરી

જાન તૈયાર થઈ એ વારજી, બેઠી વેલમાં ઉજમ નારજી;
વાળ્યાં વળાવીને સૌ જનજી, જાન હરખી અતીશે મનજી. ૩૧

## ઢાળ

જાન તહાં સૌ મનમાં હરખી, ઠીક થયું રહી લાજ;
પરંતુ એ ચંદાએ કેમ, કીધું આવું કાજ. ૩૧૭
ઘરમાં એ સૌ સાથે લડીને, ગઈ હશે પરદેશ;
પણ ત્યાં જઈને શું કરશે એ, જોબન બાળવેશ. ૩૧૮
ત્યારે ત્યાં જાનરડીયો સૌ, પુછે વહુને વાત.
કેમ તમારી બેન રીસાઈ ગ્યાં, કે કેમ કરીયો ઘાત.૩૧૯
ત્યારે વહુ વિવેકે બોલ્યાં, સુણો સૌ સુજાણ;

કંઇ વચન દીધું નથી એને, કોઇએ કાંઇ નીરવાણ. ૩૨૦
કેણ જાણે એ ચંદા કયાં ગઈ, બાળા બાળેવેશ;
તેની કાંઇએ ખબર પડી નહીં, ઘર મહીં લવલેશ. ૩૨૧
એમ કરંતા દશ દીવશે, જાન પુગી સો ઘેર;
કુટુંબ સરવે દેખી સૌને, છુટી આનંદ લેહેર. ૩૨૨
બાપ પ્રીએ આનંદ કરે અતી, શેઠને ઉજમ નાર;
એમ કરંતાં દીવાળી દીન, આવ્યા એણી વાર. ૩૨૩
ત્યારે ત્યાં મિત્રો પોતાના, તેડ્યા સો તતકાળ;
ચોપટ માંડી રમવા બેઠા, મોત્રો સો એ કાળ. ૩૨૪
રમતાં રમતાં મીત્રોએ ત્યાં, કાઢી એવી વાત;
ઘર નારીનું કે નરનું છે, સુણો સરવે ભ્રાત. ૩૨૫
ત્યારે ત્યાં માણકશાહ બોલ્યા, સુણો સહુ સુજાણ;
ઘર નારીનું નવ કહેવાયે, નરનું છે નીરવાણ. ૩૨૬
એમ કરંતાં સામા સામી, વાદ વંચોજ અપાર;
ત્યારે ત્યાં મિત્રો સૌ બોલ્યા, સુણો શેઠ આ વાર. ૩૨૭
જો ઘર નારીનું નીપજે તો, જાઓ તમે પરદેશ;
પણ કદી પુરૂષનું નીપજે તો, અમે જેએ પરદેશ ૩૨૮.
ત્યારે ત્યાં સુખેથી શેઠ, આપ્યો સૌને કોલ;
વાત તણું નક્કી કરવાને, માણસ મોકલ્યું મો'લ. ૩૨૯
જાઓ તહીં શેઠાણી પાસે, આણો અહીં આ વાર;
ચાક દોડ દોડ જઇને, લાવ્યો ઉજમ નાર. ૩૩૦
ત્યારે ત્યાં સૌ મોત્રો બોલ્યા, સાંભળ નાર સુજાણ:

ઘર નારીનુ કે નરનું છે, તે તું કહે નીરવાણ. ૩૩૧
ત્યારે ત્યાં શેઠાંણી બોલ્યાં, રાખી મન વિવેક.
ઘર નારીનું નક્કી કહાવે, નરનો નહીં કોઇ ટેક. ૩૩૨
એવું સુંણતાં માણકશાને, રોસ ચઢી અપાર;
શુંરે!! બોલી તું નારી આવું, આવીને આકાર. ૩૩૩
ઘર નરનું છે કે નારીનું, તે શું જાણે ભુપ;
પણ હવે શો ઈલાજ કરવો, બંધાઈ બેઠો હુંપ. ૩૩૪

## વળણ.

બંધાઈ બેઠો હું અહીં, કરવો શો ઈલાજ;
જયસેન કે વળતી તહાં, કેવું કહાવે કાજરે. ૩૩૫

---

## રાગ મારૂં.

(માણકશાહ કહે છે.)

તને એવી ગતી ક્યાં સુઝી ભુંડી નારીરે;
તારી બુદ્ધિ ક્યાં ગઈ બુઝી ભુંડી નારીરે. ૩૩૬
જાણ્યું નોહોતું મેં આવું ભુંડી નારીરે;
નહીંતો કેમ અહીં લાવું ભુંડી નારીરે. ૩૩૭
તેંતો વાળ્યું ખરેખરૂં વેર ભુંડી નારીરે;
કીધો આ તેં અંધારાકેર ભુંડી નારીરે. ૩૩૮
નવ રાખી જરાર લાજ ભુંડી નારીરે;
કેમ કીધું તેં આવુ કાજ ભુંડી નારીરે. ૩૩૯

બોળ્યું બાપ તણું તેં નામ ભુંડી નારીરે;
તને ઘટે નહીં આ કામ ભુંડી નારીરે. ૩૪૦
જાત વિના પડે નહીં ભાત ભુંડી નારીરે;
દેશ બધે તું થઈ વિખ્યાત ભુંડી નારીરે. ૩૪૧
તું તો ચંદા તણી છું બેન ભુંડી નારીરે;
કરે પર પુરૂષ ઘેર સેન ભુંડી નારરે. ૩૪૨
જોયા ગુણ તપાશી મેં આજ ભુંડી નારીરે;
તને આવે નહીં કાંઈ લાજ ભુંડી નારીરે. ૩૪૩
તેં તો જાણી કરચું આ કામ ભુંડી નારીરે;
રાખી રહીયા મહીં મહા હામ ભુંડી નારીરે. ૩૪૪
તારે માણવો જોબન વેશ ભુંડી નારીરે;
માટે મોકલ્યો મને પરદેશ ભુંડી નારીરે. ૩૪૫
પણ રાખજે રૂદીયામાં ધીર ભુંડી નારીરે;
સુખ પામીશ નહીં લગીર ભુંડી નારીરે. ૩૪૬
ફટ ફટ ગોઝારણ નાર ભુંડી નારીરે;
દયા લાવી નહીં લગાર ભુંડી નારીરે. ૩૪૭
ત્યારે બોલી ત્યાં ઉજમ નાર ગુનો માફ કરો;
અમે અબળાનો અવતાર ગુનો માફ કરો. ૩૪૮
તમ શરણે અમ રહીએ ગુનો માફ કરો;
દુઃખ કોને જઈ કહીએ ગુનો માફ કરો. ૩૪૯
અબળા અભાગણ છું હુંપ ગુનો માફ કરો;
આઝું કહું તમોને હું શુંપ ગુનો માફ કરો. ૩૫૦

નામ અબળા અમારૂં હમેશ ગુનો માફ કરો;
મારો મને ઝાલી શીર કેશ ગુનો માફ કરો. ૩૫૧
હું ભુલી તમારી દાસ ગુનો માફ કરો;
આવો પ્રીતમ મારી પાસ ગુનો માફ કરો. ૩૫૨
નવ રાખો લગારે રીશ ગુનો માફ કરો;
નાથ નમાવુ તમને હું શીશ ગુનો માફ કરો ૩૫૩
નવ બોલો બહુ ક્રોધી વચંન ગુનો માફ કરો;
હું કહેવાઊં અબળા જંન ગુનો માફ કરો. ૩૫૪
ત્યારે શેઠ વદ્યા તે વાર સાંભળ નારીરે;
કહું ખરેખરૂં આ ઠાર સાંભળ નારીરે. ૩૫૫
ઘર નારી તણું જો હોય સાંભળ નારીરે;
કામ કરો રાખ્યા વિણ ભોય સાંભળ નારીરે. ૩૫૬
મારે જવું હવે પરદેશ સાંભળ નારીરે;
તને દેઈ જઊં ઉપદેશ સાંભળ નારીરે. ૩૫૭
ઘર પાડીને નવાં કરાવ સાંભળ નારીરે;
મારા પેટ તણો પુત્ર લાવ સાંભળ નારીરે. ૩૫૮
લાવ મારા સારૂ એક નાર સાંભળ નારીરે,
ચુક કરીશ નહી લગાર સાંભળ નારીરે, ૩૫૯
વળી અબલખ ઘેડી આ જેહ સાંભળ નારીરે;
તને આપી જઊંછું હું તેહ સાંભળ નારીરે. ૩૬૦
તેને વછેરો અબલખ લાવ સાંભળ નારીરે,
આ ઘોડાથી પ્રસવાવ સાંભળ નારીરે. ૩૬૧

જ્યારે કરીશ એ સૌ કામ સાંભળ નારીરે,
ત્યારે કહાવે તું નારી નામ સાંભળ નારીરે, ૩૧૨
નવ કરે કહી તું એ કામ સાંભળ નારીરે,
મારી નાંખું તારી દેહ પામ સાંભળ નારીરે. ૩૧૩
એવું કહી ઉઠો એ વાર સાંભળ નારીરે,
ત્યારે રૂવે ત્યાં ઊજમ નાર સાંભળ નારીરે. ૩૧૪

## વળણ.

ઊજમ ત્યાં રૂવેરે કરતી શોક અપાર;
જયસંગ જે હવે પછી, શા થયા સમાચારરે. ૩૧૫

---

## રાગ મલ્લાર.

ઊજમ ત્યાં રૂવે અતી ઘણું હો નાથરે,
કેમ મુકી જાઓ પરદેશ હો નાથરે;
હું છું તમારા દાસડી હો નાથરે,
વેહેમ લાવો નહીં લવલેશ હો નાથરે. ૩૧૬
હું છું કરમની આગળી હો નાથરે,
નહીં જવા દઉં પરદેશ હો નાથરે;
સંસારમાં શું સુખ છે હો નાથરે,
હું તો અબળા બાળેવેશ હો નાથરે. ૩૧૭
પુરૂષ કોઈ કેવા હશે હો નાથરે,
કોઈ કેવા હશે ભરથાર હો નાથરે;
તેવા જનોના બોલથી હો નાથરે,

કેમ સંસાર પામું હું પાર હો નાથરે. ૩૬૮
માટે હવે તમે મને હો નાથરે,
સાથે લેઈ જહો આ વાર હો નાથરે;
નહીં તો મને અહીં ગમ નહીં હો નાથરે,
કહું છું ખરેખરૂં હું નાર હો નાથરે. ૩૬૯
ત્યારે તહાં શેઠ બોલીયા સુણ નારીરે,
કેમ લેવાય તુજને સાથ સુણ નારીરે;
જવું પડે પરદેશમાં સુણ નારીરે,
એતો વઢાણા તારા હાથ સુણ નારીરે, ૩૭૦
માટે નીરાંતે ચેનથી સુણ નારીરે;
કર કીધું તને જે કામ સુણ નારીરે,
નહીં તો તને હું ક્રોધથી સુણ નારીરે;
આવી દેઈશ કપાળે ડામ સુણ નારીરે. ૩૭૧

## વળણ.

આવી કપાળે ડામ દઈશ, કરીશ નહીં જો કામ;
જયસંગ કે એવું કહી, ચાલ્યો રાખી ઠામરે. ૩૭૨

---

## રાગ. વેરાડી.

ચાલ્યો શેઠ રાખીને ઠામ, નવ મુકે પોતાની મામ;
ચાલ જઈ બધા પરદેશ, અહીં રાખું નહીં લવલેશ. ૩૭૩
તોને મુજ મરી એ જાતી, તેની દયા મને નથી થાતી;

એમ કહી ભર્યા સહુ માલ, ચાલ્યા શેઠ પછી તતકાળ. ૩૭૪
ત્યારે પરમસ્નેહી જે મીત્ર, આવ્યા મળવાને તહાં પવીત્ર;
દેખી શેઠ થયા બહુ ખુશ, વળી મનમાં અતીશે હોંસ. ૩૭૫
કાઢ્યો કેસરનો ત્યાં કસુંબો, પાય અરસ પરસ ભરી ધોબા;
પછી વેહેંચી સાકર સાર, ખુશ થયા સહુ દીલદાર. ૩૭૬
પણ મનમાં અતી અમુઝાય, મિત્ર પોતાનો પરદેશ જાય;
માટે આંખમાં આવ્યાં આંસુ, સહુ પાછળ મન વળાંસુ. ૩૭૭
તેથી શેઠ બોલ્યા ત્યાં વાણ, શોક કરો નહી નોરવાણ;
ત્રણ વર્ષ વહી જશે ઝટ, ત્યારે આવીશ હું ઝટપટ. ૩૭૮
માટે શોક કરો નહી લેશ, એમ કહી ચાલ્યા પરદેશ;
પછી પોહોચ્યા બંદર શીજ કેડે, દેશ દક્ષિણ કેરે છેડે. ૩૭૯
શેહેર શ્રીરંગપટ્ટણ સાર; આવી ઉતર્યા અહીં એ વાર;
પછી મેહેલ લાધો માંહી સારો, શોભે સુંદર બહુ રંગદારો. ૩૮૦
કરે કોટી ધરમનાં કામ, તેથી નિકળ્યું ધાર્મિક નામ;
ધન્ય ધન્ય સહુ જન કેહેછે, રંક મનુષ્ય આશિષ દેછે. ૩૮૧
એમ જશ વધ્યો અપાર, માણે માણકશાહ સુખ સાર;
હવે નારી તણું શું થાય, કહું તેહ તણો મહીમાય. ૩૮૨

## વળણ.

તેહ તણો મહીમા કહું, સુણજો સૌ સુજાણ;
જેસંગ કે જીહા વડે, વદુ ઊજમ દુઃખ નિરવાણરે. ૩૮૩

## રાગ મલાર—પંચમ.

ઉજમ ત્યાં હવે ઘણું, કરવો સારે ઈલાજ;
કંથ મને તો કહી ગયા, કરજે કઠણ તું કાજ. ઉજમ૦ ૩૮૪.
શુંરે કરૂં હવે હું વળી, પાસે પાઈએ મળે નહીં;
આપણી પણ સોંપી નથી, જતાં પરદેશ માંહી. ઉ૦ ૩૮૫
એવી દશામાં એ નારીએ, કરચો મન વિચાર;
બેશી રહ્યાથી બને નહીં, કામ કદીએ લગાર. ઉ૦ ૩૮૬
તેવે સમે ત્યાં તે નારીએ, એક યુક્તિ લડાવી;
ખાલી પટારા પેટીઓ, માગી માગીને લાવી. ઉ૦ ૩૮૭
પછી તહાં તેણે ભરચા, માંહી નળીઆંને લોટા;
તાળું વાશી પછી તેહને, તેડયા મિત્રો મોટા ઉ૦ ૩૮૮
મીત્રો સહુ ત્યાં જઈ આવ્યા, ત્યારે બોલી તે નાર;
મીત્ર તમારા મને કહી, ગયા જતાં વાર. ઉ૦ ૩૮૯
પૈસા ટકા તારે જોઈએ, લેજે મુજ મીત્ર પાસે;
માટે તમોને હું પ્રીતથી, કહુ છું અહીં આસે. ઉ૦ ૩૯૦
પેટી પટારા આ ભરચા, લેઈ લો આ ટાણે;
તાળાં વાસ્યાં છે તેહને, માટે મુકુ ઘરાણે. ઉ૦ ૩૯૧
માટે તમ આજ મુજને, નાણું અવેજે આપો;
પછી તમારે ઘેર જઈ, સરવે પેટીઓ માપો. ઉ૦ ૩૯૨
ત્યારે તહાં મીત્રો સહુ, વળતાં બોલ્યા વાણી;
પેટી પટારા લો પડ્યા, નાણું આપીએ આણી ઉ૦ ૩૯૩
એવું કહી એ મીત્રોએ, આણી આપ્યું નાણું;

તેનું તહાં તે ઉજમ, કરેચું કેવું ઠેકાણું. ઉ૦ ૩૯૪

## વળણ.

નાણું લઇને નારીએ, કીધું કેવું કામ;
જેશંગ કે તે જરૂર હું, વર્ણું છું આ ઠામરે. ૩૯૫

## રાગ કાલેરો

નાણું લેઈ નારીએ ત્યાંતો, કીધો મન વીચારરે;
પીઉ તણું મન રીઝવવાને, કામ કરૂ નીરધારરે. ના૦ ૩૯૬
એવું વિચારી કાકાજીને, જઇને કેહે અબળાયરે;
ઘર પાડી આ નવાં કરાવો, ખર્ચ આપું જે થાયરે. ના૦૩૯૭
ત્યારે ત્યાં કાકાજી વદીયા, સાંભળજો વહુ વાણીરે;
પીયું તમારો પરદેશ છેને, કેમ બન્યાં ઠકરાણીરે. ના૦ ૩૯૮
ઘરડાં ઘર શું? ભાગી ગયાં તે, નવાં તમ કરાવોરે;
અબળા જાતી થઇને આવાં, ફેલ ફીતુર શાં કહાવોરે. ના૦૩૯૯
છાનાં માનાં બેઠી રહો વહુ, નવ કરશો કાંઈ વાતરે;
શું દેખી ફુલઈ ગયાં છો, જોયા તમારા તાતરે. ના૦ ૪૦૦
એવુ સુણી ઉજમને ત્યાંતો, રોસ ઘણેરી ચડડીરે;
શું બોલ્યાં કાકાજી તમ એ, એમ કહીને વહડીરે. ના૦ ૪૦૧
ત્યાર પછી મીત્રો તેડાવી, બોલી ઉજમ નારરે;
મારે હવે પીયર જવું તે, કામ કહું આ વારરે. ના૦ ૪૦૨
ઘર પાડીને નવાં કરાવો, ખરેખરાં વિચાળરે;
રોકડ વીશ હજાર રૂપૈઆ, આપુ ઉઠાવો માળરે, ના૦ ૪૦૩

ત્યારે ત્યાં મીત્રો સૈ આવ્યા, સુણો અમારી વાતરે;
સુખથી બાઈ પીયર સીધાવો, મળવા માતને તાતરે, ના૦ ૪૦૪
મહેલ મહા વિશાળ કરીશું, આણો નહીં ઉચાટરે;
ત્યારે તે નારીએ નાણ્યું, આપી ઝાઝી વાટરે. ના૦ ૪૦૫

વળણ

પીયર મારે પરવરૂં, એમ બોલી સૈ પાસ;
જયસંગ કે પણ પરવરી, જોતી પીયુંનો વાસરે. ૪૦૬

---

"ચાંદલીયા ચાલીશમાં અતી ઊતાવળો એ રાગ."

મળવારે જાવું છે મારે માતને;
એવું કહીને ચાલી ઊજમ નારજો;
વાણોતર સાથે લઈ લીધા હોંસથી,
મળવા જવા પોતાનો દીલદારજો. મળવારે૦ ૪૦૭
વળની જોતી ફરતી દેશો દેશમાં,
પ્યારા પરણ્યા કરો વિશ્રામ ઠામજો;
ઘણારે દીવસ વાટે એમ વહી ગયા,
આવી ત્યારે શ્રીરંગપટણ ધામજો. મળવારે૦ ૪૦૮
કુવાનેરે કાંઠે વળતી ઊભી રહી,
શુણ્યું ત્યાંતો શેઠ તણું સુભ નામજો;
હરખેરે હરખાણી તેથી સુંદરી,
આવી મનમાં એમ વળતી હામજો. મળવારે૦ ૪૦૯

સુણતાંમાં ચાલી તે ત્યાંથ સુંદરી,
તંબુએ જઈ કીધો સરવે સારજો;
આજેતો ઈશ્વર ત્રુઠા છે મુજને,
પામી જેથી પ્યાના મુજ ભરથારજો. મળવારે૦ ૪૧૦
એવુરે કહીને તે ચાલી એ પથાં,
લાવી સારૂ સરવોત્તમ જોઈ દુધજો;
ઊકાળી નીર્મળ તેજનો નાંખાચો,
વળતી ચાલી લેવા શેઠની શુધ્ધજો. મળવારે૦ ૪૧૧

## વળણ.

લેવા ચાલી શુધ્ધ તે, લેઈ કઢેલું દુધ;
વળતી ત્યાં જયસંગ કહે, કેમ કરી લે તે શુધ્ધરે. ૪૧૨

---

(ઊજમ દુધારીનો વેશ લેઈ દુધ વેચવા શેહેરમાં ફરે છે)
"વૈસ્ણવ નથી થયો તુરે, હરીજન નથી થયો તુંરે. એ રાગ.'
કોઈ લ્યો દુધડીયાં મારાં, કોઈ લ્યો દુધડીયાં મારાં;
ખરેખર કાળજડા ઠરનારાં, કોઇ લ્યો દુધડીયાં મારાં. ટેક
એમ મુખથી ઊચરતી તે, ચાલી ઉજમ નાર;
જઈ શેઠના મેહેલજ પાસે, ઊભી રહી એ વાર. કોઈ૦ ૪૧૩
તરત ત્યાં દેખી સૌ તેને, પુછે વાર વાર;
કેમ શેર તું દુધ આપશે, બોલ ખરેખરૂં નાર. કોઈ૦ ૪૧૪
ત્યારે ત્યાં તે નારી બોલી, સાંભળજો સૌ લોક;

દુધ ખાઇને વળતી હેજો, નાખું મુજને નેટ. કોઇ૦ ૪૧૫
ત્યારે ત્યાં વાણોતર આવે, બોલ્યા એવી વાત;
અરે બાઇ તું ક્યાંથી આવી, કેવી કહાવે ન્યાત. કોઇ૦ ૪૧૬
અરે શેઠજી ન્યાત પુછીને, શું કરવું છે કામ;
તમે તમારે દુધ લેઇને, મુકો મારૂં નામ. કોઇ૦ ૪૧૭
ખરેખરૂ જોતાં બાઇ તુ તો, દીસે ચતુરાં નાર;
પિયું તણા વિયોગે જાણે, આવી આણે ઠાર. કોઇ૦ ૪૧૮
નથી નાથ કોઇ મારો પારો, આ અવસર આ ઠામ;
હું જાતી છું દુધારીની, આવી કરવા કામ. કોઇ૦ ૪૧૯
એવી રીતની વાત ચીત જ્યાં, થઇ રહી છે એ ઠામ;
તેવામાં ત્યાં આવી પોહોરયા, માણકશાહ સુભ નામ. કો૦૪૨૦
પછી તડો તે માણકશાહે, દીઠી એવી નાર;
રૂપ અધીક રામાનું દેખી, ઊભા એણી ઠાર. કોઇ૦ ૪૨૧

### વળણ.

ઉભા એણી ઠાર ત્યાં, માણકશાહ સુજાણ;
જયસંગ કે પછી પુછતાં, કેવું કરે ઓળખાણરે. ૪૨૨

---

## વનચર વીરા વધામણી કેહેને ક્યાં થકી આવ્યો એ રાગ.

માણકશાહ—કેહેને ખરૂં તું કામનિ, આજે અહીં કયમ આવી;
રૂપ તારૂ રઢીયાળું જોઇ, મારા મનમાં તું ભાવી. કેહેને ખરૂં તું કામનિ. ૪૨૩

દુખારી—સાંભળજો તમે શેઠીયા, હું તો આવીછું કામ;
દુધ લાવી અહીં આપવા, શેઠ તમારે નામ. સાંભળજો તો શેઠીયા. ૪૨૪
માણકશાહ—કોણ કહાવે તારો કંથજી, કેહે તે મુજને વિસ્તારી;
કેહેને વળી કેમ છોડીયો, કેહે કયમ થઈ દુખહારી. કેહેને. ૪૨૫
દુખારી—કોઈ નથી મારો કંથજી, હું છું બાળ કુંવારી;
પેટ ભરાણને કારણે, પામું છું દુઃખ ભારી. સાંભળજો. ૪૨૬
માણકશાહ—કેવો કુકર્મી તારો તાત છે, પાપી પ્રાણ હત્યારો;
આજ સુધી કેમ રાખીયો, તારો ભવરે કુંવારો. કેહેને૦ ૪૨૭
દુખારી—તાત નથી મારો કહીં, નથી ભગિનને ભ્રાત;
વળી નથી આ જગતમાં, મારી જનેતા માત. સમજો. ૪૨૮
માણકશાહ—કોણ તારી કેહે કામિનિ, રોજ રક્ષા કરે છે;
જેથી કરી આ જગતમાં, નિશદીન નિર્વીહન રહે છે. કેહેને. ૪૨૯
દુખારી—રક્ષા કરે છે માહરી, સદા સૃષ્ટી સ્રજનારો;
જેથી કરી કદી સુખનો, નવ આવેજ આરો. સાંભળજો. ૪૩૦
માણકશાહ—ત્યારે તને હું આજથી, કહુછું એવી વાણ;
રોજ તું મારા મહેલમાં, બેશી રેહે નીરવાણ. કેહેને ૪૩૧
દુખારી—બેશી રહયે કહો શું વળે, શાહ સમજોને મન;
દીનપર દીન વધતું દીસે, મારૂં અબળાનું તન. સાંભળજો. ૪૩૨
માણકશાહ—ખાવું પીવું ખુબ ખરચવું, તારા મન ગમ્યું કરજે;
વિવિધ સુખ સંસારનાં, લેવા મુજ મન હરજે. કેહેને. ૪૩૩
દુખારી—નીમ જાતી મુજ નારીની, શેઠ દુખારોની;

તે કેમ તમને પાલવે? પ્રીતી પરનારીની. સાંભળજો. ૪૩૪
માણેકશાહ—રૂપ રૂડી રામા અહીં, તારી જાણવે છે જાત;
પછી ગમ તે બોલજે, જાત તેવીજ ભાત. કહેને. ૪૩૫
કવી—એમ કહી એ શેઠીએ, ઝાલ્યું ઝડપીને કાંડું;
કામજ્વરની પીડથી, બોલે બહુ બહુ ગાંડું. સાંભળજો
સો શેઠીયા, શાહુની શાહાવટ સાચી. સાંભળજો૦ ૪૩૬
પછી તેને તે લઈ ગયો, ઠેઠ મેહેલની માંહી;
ખાઓ પીઓ ખુબી કરો, વળી વસોને આંહી. સ૦ ૪૩૭
એમ અતી દીન એશથી, કાઢ બહુ જાણે.
ત્યારે તહાં તે નારીને, કામ કેવુંજ બાણે. સાં૦ ૪૩૮
ગર્ભ રહ્યો એ ગોરીને, થયા ચારજ માસ;
તેથી તહાં જયસંગ કે, કેવી ઉજમને આશ. સાં૦ ૪૩૯

## ઉથલો.

રાખે ઉજમ આશ બહુ, જવા પોતાને દેશ;
તેથી તે ત્યાં શેઠને, કેવો કરે ઉપદેશરે. ૪૪૦

---

## રાગ સારંગ.

સુણો શેઠ તમે મહારાજ, કામ કરો નારીનું આજ;
મારે જાવું હવે સ્વદેશ, વાર કરૂં નહીં લવલેશ. ૪૪૧
આવ્યો તેડવા કાકાનો પુત્ર, જોઈ રોઝ બળે ઘરસુત્ર;
માટે ઝટપટ કરો વિદાય, વાહાલા વાર કરો ન જરાય. ૪૪૨
ત્યારે શેઠ વદ્યા ત્યાં વાણી, સુણો સુંદર આ શેઠાણી;

કેમ મુકી તમ પ્રીત રીત, જઈ ખોળે પરોવો ચીત્ત.૪૪૩
આમ કરવુ ઘટે નહી તમને, કેમ વિલો મુકો છો મને;
હુંતો કેહેતો નથી કે જાઓ, શાને ભ્રમણામાં ભમાઓ.૪૪૪
તારે મન ગમ તે કરજે, મારા ઉપર દયા ધરજે;
પ્યારો એક વરસની પ્રિત, મુકી જા તો થઊં ભયભીત.૪૪૫
એમ શેઠ બોલ્યા બહુ બોલ, જેથી પ્યાર જણાવ્યો અતોલ;
ત્યારે નારી તહાં તે બોલે, પણ ગુહ્યની વાત ન ખોલે.૪૪૬
શેઠ શાને કરો છો વિલાપ, આપો રીઝીને રજા આપ;
નવ કરશો વિમાશણ લેશ, ચાલે નહીં ગયા વિણ દેશ.૪૪૭
વળી માસે છ માસે મળીસ, નક્કી પ્રિત હું નહી ભુલીશ;
પુરે પુરો પાળીશ હું બોલ, લ્યો લ્યો પ્રિતમ આપુ હું કોલ.
એમ કહીને દીધો કોલ નેક, ત્યારે શેઠને આવ્યાં કાંઈ ટેક;
તેથી ઉદાશી ઓછી થઈ, કાંકે અંતે આશા કાંઈક રહી.૪૪૮
એવું દેખી વદી તે નાર, પ્યારા કામ કરો આ વાર;
એક ઘોડી લાવી છું હું સાથ, માટે મેહેર કરો મુજ નાથ.૪૫૦
તેહ અલગે આવી છે આજ, ઘોડો નાખી કરો સિદ્ધ કાજ;
તેથી રેહેશે તમારૂં નામ, જો આ સિદ્ધ થશે અહીં કામ.૪૫૧
એવું સુણીને બોલ્યા શેઠ, જાઓ કામ કરાવો નેટ;
તેથી નારીએ ત્યાં નંખાવ્યો, ઘોડો ઘોડીને મન ભાવ્યો.૪૫૨
પછી નારીએ કરચો વિચાર, કામ સિદ્ધ થયાં આ ઠાર;
માટે જવું હવે સ્વદેશ, વાર કરવી નહીં લવલેશ. ૪૫૩
ત્યાર પછી તે બોલી નાર, શેઠ માનું તમારો આભાર;

આપ દેરા ને વીંટી મને, જેથી નિશ દીન સંભારૂં તમને.
ત્યારે શેઠે તહાં તે આપ્યાં, તેહ લેઈને નારી સીધાવ્યાં;
સાથે વાણોતરો સહુ કહાવે, એવે નાનું નગર એક આવે. ૪૫૫
તેહ શોભામાં દીઠું સારૂં, માટે રાત રેહેવાં ત્યાં ધારયું;
પછી રહ્યાં તહાં તે રાત, ત્યારે કેવી બને ત્યાં વાત. ૪૫૬

## વળણ.

કેવી બને છે વાત ત્યાં, સાંભળજો સૌ જંન,
જે પ્રસંગ કે તે કહું હવે, જેથી થાઓ મગંન. ૪૫૭

---

## રાગ વેરાડી

નગ્ર માંહી વસે બહુ જંત, તે માંહી એક વાણીક તંત;
નામ વીરચંદશાહ વીશાળ, તેને દુઃખ તણી બહુ ઝાળ. ૪૫૮
એક પુત્રી છે ઉમિયા નામ, તેના તરફની પીડા પામ;
લીધો ઉમિયાએ એવો ટેક, મુકી દેઈ મરજાદ વિવેક. ૪૫૯
શેહેર સુરતનો જે શાહ, તેની સાથે કરૂં વિવાહ;
એહ વિણ બીજા સહુ જન, ગણું તાત ભ્રાત સમ મંન. ૪૬૦
માટે એક વરસમાં વરૂં, નહીંતો દેહ દહન આ કરૂં;
એવા અપસમ ખાઈને બેઠી, જઈ અંબીકામાં પેઠી. ૪૬૧
ધરે અંબા તણું તે ધ્યાન, નિત્ય સુણે કથા આખ્યાન;
એમ કરતાં ગયા દીન વહી, તોય મળીયા નહીં શેઠ તહીં. ૪૬૨
તેથી પાવકમાં પરવેશ, કરે ઉમિયા બાળેવેશ;
આવ્યા મોટા મોટા સહુ જંન, સૌ ઉદાશી અતીશે મંન. ૪૬૩

રૂવે મા બાપ તેનાં બહુ, વાત તેહુ તણી શી કહું;
બળી ભોજાઈને સહુ ભાઈ, કહે આ શું કરોછો? બાઈ. ૪૬૪
તોય માને નહી ઉમિયાય, તેથી ઉદાશી સૌ જંન થાય;
કેમ કરવું હવે આ ઠાર, એમ કરે સહુ વિચાર. ૪૬૫
એવે આવ્યો તહાં એક જંન, કહાવે વાળંદ કેરો તંન;
કહે શાને લહોછો ત્રાહ, આવ્યો સુરતનો એક શાહ. ૪૬૬
તેનો જઈને કરો તપાસ, તો તો પુરણ થાશે આશ;
તેથી ઉઠયા તહાં સૌ જંન, જાય જોવા ખુશી થઈ મંન. ૪૬૭

## વળણ.

જોવા જાય ખુશી થઈ, હર્ષે હર્ષ ન માય;
પણ હવે ઉજમ તણો, કહું છું હું મહીમાયરે. ૪૬૮

---

## "ચાંદલીયા ચાલીશમાં અતી ઉતાવળો. એ રાગ."

ઊજમભાઈ આવીને ઉતર્યા નગ્રમાં,
જોતાં સરવે ગ્રહસ્થોના ઠામજો;
એવેરે સુણી તેણે ત્યાં વાત એ,
બળી મરે છે અબળા ઉમિયા નામજો. ઉજમ૦ ૪૬૯
ત્યારે ત્યાં ઉજમભાઈ સૌને પુછતો,
પરજળવાના કારણની કહો વાતજો;
માથેરે શું મોટું આફત આવીયું?
જેથી જરૂર ન ખાજે તેનો તાતજો. ઉજમ૦ ૪૭૦

ત્યારે સૌ જન સ્નેહ કરીને બોલીયા,
સાંભળજો બાઈ સરવે સાચી વાતજો;
ટેક લીધો છે એણે એવો આકરો,
પાળે નહીં તો બાળે બધીએ જાતજો. ઉજમ૦ ૪૭૧
સુરતમાં માણેકશાહ નામે શેઠ છે,
તેની સાથે વરવા ધાર્યું મંનજો;
પણ તેતો મુદત વીતી નવ આવીયો,
માટે તે બાઈ બાળે નિશ્ચય તંનજો. ઉજમ૦ ૪૭૨
એવું રે સુણી ઉજમ હરખી ઘણી,
થાશે આથી આવશું અહીં યાં કાજજો
એમ કહી બોલી તે અબળા મુખથી,
તુઠયો તેના ઉપર ઈશ્વર આજજો. ઉજમ૦ ૪૭૩
બોળ કરો અંતે ઉજમ કહે જંનને,
આવ્યા છે અહીં માણેકશાહ સુજાણજો;
ખરેખરૂં માનો હું કહું છું મુખથી,
ચાલી ઉજમ કહીને એવી વાણજો. ઉજમ૦ ૪૭૪

## વળણ.

કહીને એવી વાણ ત્યાં, ચાલી ચતુરાં નાર;
ફરી પોતાને તંબુએ, કેવો કરે વિચારરે. ૪૭૫

---

## રાગ રામગ્રી.

કર્યો વિચાર ઉત્તમ એવોજી, હવે પુરૂષનો વેશ લેવોજી;
એવું ધારી સજે શણગારજી, બનવા પોતે પ્યારો દીલદારજી. ૪૭૬

## ઢાળ.

બની પ્યારો દીલદાર તે, લેઈ પુરૂષનો વેશ;
મુગટ મહી સૌ વાળીયા, ઓળી આંબળી કેશ. ૪૭૭
સેંથા સુધી મોતી બાંધ્યાં, આડ કરી કપાળ;
સોળ વરસની વયમાં માટે, મુખે નહી મુછ વાળ. ૪૭૮
જુવાનીમાં ઉછરતા જે, શોભે સુંદર સ્તન;
તેનો પણ કબજો કરવાને, પેહેર્યો કબજો તન. ૪૭૯
કેશ બાંધીને મુગટ બાંધીયો, શોભે સુંદર તેહ;
અંગુચો કાઢો ધોતીજોડો, પેહેર્યો ઝીણો જેહ. ૪૮૦
વળી ખભે દુપટો નાંખીને, કર ધર્યો રૂમાલ;
દેવસ્થાંને દરશન જાવા, કરાવી મસાલ. ૪૮૧
વાણોતર ચાકરને નફર, સાથે સૌ જન ચાલ્યા;
સુંદર બગીમાં શેઠ બેશીને, દર્શન કરવા હાલ્યા. ૪૮૨
રસ્તે સૌ જન શેઠનું પુછે, વાણોતરને ઠામ;
કયાં જાઓછો કયમ આવ્યાતા, કહોને સઘળું કામ. ૪૮૩
ત્યારે ત્યાં વાણોતર બોલ્યા, સાંભળજો સૌ જન;
સુરતના માણકશા નામ, મોતીશાના તન. ૪૮૪
માલ ભરી પરદેશ થકી એ, આવ્યા અહીં આ વાર;

શેહેર બહુ સાર દેખીને, રહી ગયા આ ઠાર. ૪૮૫
સુરતના માણકશા સુણ્યા, સૌ જન હર્ષીત થાય;
વધામણી ખાવાને માટે, દોડ્યા દોડ્યા જાય. ૪૮૬
કોઈ તણી ત્યાં કાછ છુટીને, કોઈનો છુટ્યો ફેંટો;
ઉતાવળે દોડંતા તેઓ, માથે કરતા વીંટો. ૪૮૭
કોઈ તણે પગ ઠેસ વાગતી, તોપણ તે નવ ગણતા;
કોઈ બહુ બોલકણા મુખે, આવ્યા આવ્યા ભણતા. ૪૮૮
એમ સહુ જન પોહોચી ચુકયા, વીરચંદને વિશ્રામ;
ત્યારે ત્યાં સૌ બોલી ઉઠ્યા, થાશે જયજય કામ. ૪૮૯
પરમેશ્વર પ્રજાના પાળક, દીસે અશરણ શરણ;
ઉમિયાંબાઈ ઉગાર્યા એણે, નહીંતો પામત મરણ. ૪૯૦
શેહેર સુરતથી આવી પોહોચ્યા, માણકશાહ સુજાણ;
સેહેજે સઘળું કામ થયું અહીં, આવ્યા એ નિરવાણ. ૪૯૧

## વળણ.

આવ્યા અહીં નીરવાણ એ, સુણતાંમાં એ બાળ;
નગરશેઠ ઝટ ઉઠીયા, કરતા ચાલ્યા બોળરે. ૪૯૨

---

## રાગ રામગ્રી.

કરતા ચાલ્યા બોળ એ, બધા નગરની માંહી;
આખર એ આવી અડક્યા, શેઠ ઉતર્યા છે ત્યાંય. ક૦ ૪૯૩
દેખી તહાં તે શેઠને, ઉલટ્યું અંતઃકર્ણ;

અલે બીરાજ્યા શેઠજી, આજ ઉગારયું મર્ણ. કરતા૦ ૪૯૪
પુત્રી મારે ઘેર એક છે, નામ ઉમિયાબાઈ;
પ્રાણ થકી મને પ્યારીછે, જોતા આ જગ માંહી. ક૦ ૪૯૫
સોળ વરસની એહ છે, હજી બાળ કુંવાર;
રંભા જેવી રૂપમાં, શોભામાં નહીં પાર. કરતા૦ ૪૯૬
તેણે ધાર્યો મન ટેક એ, પરણું માણકશાહ;
માટે સુરતના શેઠની, જોતી બેઠીતી રાહ. કરતા૦ ૪૯૭
એમ કરતા દીન બહુ, વિત્યા જોતાં વાટ;
ત્યારે તેણે વિચારીઓ, બળી મરવાનો ઘાટ. કરતા૦ ૪૯૮
તેથી પાદર ખડકાવીયાં, સુકાં કાષ્ટ અપાર;
અગ્નિ મુકી ચેતાવતાં, પડવા થઈ તેયાર. કરતા૦ ૪૯૯
એવે આવ્યો એક જન ત્યાં, લેઈ હર્ષની વાત;
માણકશાહ કહે આવીયા, સુણો ઉમિયાના તાત. ક૦ ૫૦૦
ત્યારે અમે અહીં આવીયા, કરતા ખંતથી ખોળ;
હવે અહીં આપ દેખીને, સાચુ માન્યું મેં ટોળ. ક૦ ૫૦૧
માટે હવે તમે શેઠજી, રાખો અમારી લાજ;
પુત્રી મારીને જો પરણશો, તો તો સરશે સૌ કાજ. ક૦ ૫૦૨
નવ પરણો તો નિશ્ચય, માથે હત્યા છે બે;
માટે કરગરી હું કહું, પરણો તો થશે જે. કરતા૦ ૫૦૩
ત્યારે પછી ત્યાં શેઠજી, બોલ્યા એવી વાણ;
નારી મારે ઘેર એક છે, થશે બીજીથી હાણ. કરતા૦ ૫૦૪

પણ હવે અહીં શું કરૂં, આવું આવે છે મુખ;
શરમ સાચવતાં મુજને, નિશ્ચય નડવાનું દુઃખ. કરતા૦ ૫૦૫
માટે હવે હું શું કરૂં, બીજો નહીં ઉપાય;
પરણ્યા વિના હવે એહને, અહીંથી નવ જવાય. ક૦ ૫૦૬
માટે હવે હો નાથજી, તારો આશ્રય એક;
એમ કહીને એ શેઠીયે, રાખી રૂદીયામાં ટેક. કરતા૦ ૫૦૭
જાઓ કરો તૈયાર સૈ, શેઠ સામગ્રી આજ;
મહુરત પુછીને લગનનું, કરવા માંડોને કાજ. કરતા૦ ૫૦૮
એવું સુંણીને તર્ત ત્યાં, ઉઠયો ઉમિયાનો બાપ;
લગન મહુરત નિરધારીને, રચ્યો મંડપ અમાપ. ક૦ ૫૦૯
પછી કુંન્યાને મંડપ મહીં, બેસાડી તતકાળ;
વિવા કરયો રૂડી રીતથી, ઉગરી ઉમિયા એ કાળ ક૦ ૫૧૦
વળતી તહાં તે વેવાઈએ, કરયો વડો વિવેક;
પેહેરામણી બહુ પ્રીતથી, આપી જાનને અનેક. ક૦ ૫૧૧

## વળાવણુ.

પેહેરામણી કીધી બહુ, વેવાઈએ એ વાર;
જાન જમીને નીકળી, જવા દેશ મોઝારરે. ૫૧૨

---

## રાગ મલાર.

જાન તહાંથી નીકળી સુંણ સજ્જનરે;
આવી પોહોચવા સુરત શેહેર સુંણ સજ્જનરે

ત્યારે તહાં તે શેઠીયો સુણ સજ્જનરે,
આલ્યો હુમિયા પ્રત્યે આ પેર સુણ સજ્જનરે. ૫૧૩
ઠેક તમે તો લીધો હેતો સુણ નારીરે;
માટે કીધો કુડો મેં ફંદ સુણ નારીરે;
હુંરે કહેવાઊં કામિનિ સુણ નારીરે;
કર્યો ઉગારવા તું આ ફંદ સુણ નારીરે. ૫૧૪
શહેર સુરતનો શેઠીયો સુણ નારીરે,
કહાવું તેહ તાણી હું નાર સુણ નારીરે;
ગઈરે હતી પરદેશ હું સુણ નારીરે,
પડી પીડા મને ત્યાં અપાર સુણ નારીરે. ૫૧૫
પાછાં વળતાં મુજને સુણ નારીરે,
કીધો કર્તારે ઉપકાર સુણ નારીરે;
તેથી આવી તુજ નગ્રમાં સુણ નારીરે,
બન્યો બનાવ આ એ ઠાર સુણ નારીરે. ૫૧૬
માટે કહું તને કોડથી સુણ નારીરે,
ખાઓ પીઓ કરો ગુલતાન સુણ નારીરે;
પીયું ગયા પરદેશમાં સુણ બેનીરે,
આતો વર વગરની છે જાન સુણ બેનીરે. ૫૧૭
ત્રણ વરસને વાયદે સુણ બેનીરે,
ગયા પ્યારા પીઉ પરદેશ સુણ બેનીરે;
તેથી હવે તે નાથજી સુણ બેનીરે,
ઘર્ષે હેઠે આવશે આ દેશ સુણ બેનીરે. ૫૧૮

માટે તહાં સુધી તમ સુણ બ્હેનીરે,
જાણો જનમારો સો જુઠ સુણ બ્હેનીરે;
પણ આપણ બે પ્રીતથી સુણ બ્હેનીરે,
રાખી રહીશું હૃદય પણું પટ સુણ બ્હેનીરે. ૫૧૯
એવું કહી એણે પછા સુણ સજ્જનરે,
પેહેરયો પ્રેમદાનો શણગાર સુણ સજ્જનરે;
ત્યાર પછી તે શેહેરમાં સુણ સજ્જનરે,
પેહોચી ચુકી તે બંને નાર સુણ સજ્જનરે. ૫૨૦
વળતી ત્યાં તે ઉજમને સુણ સજ્જનરે,
થયો પુત્ર તણો પ્રસવ સુણ સજ્જનરે;
તેથી તહાં તે નારીને સુણ સજ્જનરે,
થઈ પડયો પુરો ઉત્સવ સુણ સજ્જનરે. ૫૨૧
દેખી એવો અતી ઠાઠ ત્યાં સુણ સજ્જનરે,
થયા કાકાજી ક્રોધી અપાર સુણ સજ્જનરે;
શુંરે કરયું તેં આ કારમું ઓ નારીરે,
ઘર કાઢયું ન્યાતની બાહાર ઓ નારીરે. ૫૨૨
પુત્ર પ્રસવ બને કયમ થયો ઓ નારીરે,
અને લાવી આ કયાંથી નાર ઓ નારીરે;
ઘર પડાવી નવાં કરયાં ઓ નારીરે,૧
કેમ ફાટી ફરે છે અપાર ઓ નારીરે. ૫૨૩
એવું કહી કાકાજીએ સુણ સજ્જનરે,
ગયા પોતા તણે પછી ઘેર સુણ સજ્જનરે;

બોલ્યા તણી બાધા કરી સુણુ સજ્જનરે,
રાખ્યું કાકાજીએ બહુ વેર સુણુ સજ્જનરે. ૫૨૪

## વળણ.

વેર રાખ્યું કાકાજીએ, કામિનીપર નીરધાર;
જયસંગ કહે હવે શાહની, વાત કરૂં આ વારરે ૫૨૫

---

## રાગ કેદારો

વર્ષ પુરાં થયાં ત્રણ જ્યારેરે, શેઠ નિકળ્યા ત્યાંથી ત્યારેરે;
સાથે વાણોતરો સહુ લાગ્યારે, શેહેર સુરત બંદર આવ્યારે ૫૨૬
આંધા મુજનું આવું વાહાણરે, તર્ત નાગરચું ત્યાં નીરવાણરે;
વળતી વધામણી ગઈ ઘેરર, સહુ સગાં માન્યાં એ ઠેરર. ૫૨૭
પણ આવ્યા ન નાતના ભાઈરે, જાણે નથી જરા સગાઈ;
પડી ખબર શેઠને એવીરે, ઘેર વાત બની હશે કેવીરે. ૫૨૮
જેથી આવ્યા નહીં અહીં કાકારે, ઘેર ચાલ્યાં હશે સહુ વાંકારે;
માટે કરવી હવે તો તપાસરે, જેથી સંશ પામે નહીં નાસરે.
વાત એવી વિચારે જ્યાં શેઠરે, એવે કાકા આવ્યા ત્યાં નેટરે;
દેખી શાહ થયો રળીયાતરે, ઉઠી ભેટ્યો ભરીને બાથરે. ૫૩૦
પછી કહે કાકા કેમ રીશેરે, આજ ભરાયા છો મુજ વિશેરે;
હુંતો બાળક બુદ્ધ અજાણરે, અને તમે તો છો મહા જાણરે.
ત્યારે કાકા પછી ત્યાં બોલ્યારે, પ્રિતે અંતરના પટ ખોલ્યારે;
તારી નારી પ્રથમ હતી સારીરે, પણ હવે થઈ ધુતારીરે. ૫૩૨

એક લાવો રઝળતી રાંડરે, નિત્ય પાય ચોખા દુધ ખાંડરે;
પછી કોણ જાણે શું કરીચુંરે, તારી નારીને ખાળ અવતરીચુંરે.
તું તો ગયો હતો પરદેશરે, તથી જાણે નહીં લવલેશરે;
ઘર ન્યાત મહીંથી ટાળ્યુંરે, સહુ કુટુંબ એમ વટાળ્યુંરે. ૫૩૪
માટે જીવતર તારૂં ફોકરે, આપે અપજશ અતીશે લોકરે;
તેથી રેહેવાય નહીં આ ઠારરે, માટે ખોજે કરો વિચારરે. ૫૩૫
એવું સુણીને શેઠના મનમાંરે, ક્રોધ વાપી ગયો સહુ તનમાંરે;
આ શો? રાંડે કરચો ગજબરે, નવ રાખી લગારે અદબરે. ૫૩૬
કુહુને! કયાંથી લાવી એ પુત્રરે, કોની સાથે માંડયું ઘરસુત્રરે;
માટે મારૂં હવે તતકાળરે, કયાંથી પેદા કરચો એ બાળરે. ૫૩૭
એવું કહીને માણકશાહ ઉઠયોરે, ઘરની રાંડ ઉપર અતી રૂઠયોરે;
લેઈ સીરોઈની તરવારરે, ચાલ્યો ક્રોધ ભર્યો અપારરે. ૫૩૮

## વળણ.

ક્રોધ ભરયો ચાલ્યો ચડપ, શાહ તરત તે ઘેર;
પણ તહાં જપસંગ કે, શી કરે સ્પામા પેરરે. ૫૩૯

---

## રાગ રામગરી.

એવી ખબર ઉજમને થઈજી, તેથી તર્ત ઉગિયા પાસે ગઈજી;
બ્હેન કરવો હવે શો વિચારજી, કંથ કોપી આવે આ વારજી. ૫૪૦

## ઢાળ.

કંથ અતી કોપીને આવે, અબળાપર આ વાર;

કાકાજીએ વેર રાખીને કરયું કામ આ ઠાર. ૫૪૧
તેથી કાંઈ ઉપાય કર્યા વિણ જીવનું જોખમ થાય;
એવું કહીને ઉજમ ત્યાંથી રોતી રોતી જાય. ૫૪૨.
અરે દેવ આ શું કરવાને, આપ્યો મુજ અવતાર;
સગો જીવથી ગણીએ જેને, તેજ રૂઠયો દીલદાર. ૫૪૩
માટે મુજ અબળાપર આજે, મેહેર કરો મહારાજ;
ગરીબના બેલી થઈ વાહાલા, વ્હારે આવો આજ. ૫૪૪
એવી રીતથી વિલાપ કરતી, ઉભી ઉજમ નાર,
તેવામાં તે બાઈના ઉપર, તુઠયા વિશ્વાધાર. ૫૪૫
તેથી તર્તજ બુધિ સુઝી, ઉગરવા એ કાળ;
રૂમાલને વીંટીની મનમાં ભારી એને ભાળ, ૫૪૬
તેથી તે તર્તજ જઈને ઝટ, લેઈ આવી એ વાર;
ચઢવાના દાદરપર પછીથી, લટકાવી નીરધાર. ૫૪૭
પછી તેહ ત્યાં રાખી બેઠી ઉગરવાની આશ;
પણ મનમાં તે બાઈને બહુ બહુ, ઉપજી આવ્યો ત્રાસ. ૫૪૮

## વળણ.

ત્રાસ ઉપજ્યો અતી ઘણો, ઊજમને એ વાર;
તેવામાં ત્યાં કંથને, દેખી શું કહે નારરે. ૫૪૯

---

## રાગ રામગરી

વાહાલા વિચારીને આવજો, મુજ દ્વારની માંહી;

શ્રીરંગપટ્ટણ શેઠરથી, આવી દુખારી આંહી. વાહ'લા વિચા
રીને આવજો. ૫૫૦

વીંટી રૂમાલ ને આપીયાં તમ તેનેરે હાથ;
લાવી અહીં લટકાવીયાં, જુઓ જુગતિથી નાથ. વાહાલા! ૫૫૧

વળી ઘણા દીન તે રહી, નાથ તમારે માહોલ;
શ્રીમંત આવ્યું તે પછી, તેનું ફરી ગયું ટોળ. વાહાલા. ૫૫૨

માટે જુઓ મારા નાથજી, આજે તમારો બાળ,
કીધાં વાન મેં સૌ કર્યા, માટે માથે ન આળ. વાહાલા. ૫૫૩

વળી જુઓ વામા અહીં, લાવી તમારે કાજ;
માન મરજાદ બોલતી, રાખી રૂદયામાં લાજ. વાહાલા. ૫૫૪

વળી જુઓ આ ઘોડીએ, પ્રસવ્યો અપબપ તંન;
તેહ તમે વિચારજો, વાહાલા વિચારી મંન. વાહાલા. ૫૫૫

વળી જુઓ આ મ્હેલ મેં, કર્યા નવા વિશાળ;
જુના હતા તે જુઓ કાંઈ, જોતં જરૂરે ભાળ. વાહાલા ૫૫૬

આવાં વચન સુણી શેઠનો, ક્રોધ કરો થઈ જાય;
ઊલટા તહાં તે નારીને, ભાવે ભેટવા જાય. વાહાલા ૫૫૭

ભેટયા પછી ત્યાં તે નારીએ, કાપી વાહાલાને વાત;
તેથી તહાં તે મંનમાં, થયો બહુ રળીયાત. વાહાલા. ૫૫૮

## વળણ

થયો બહુ રળીયાત તે, સુણી પ્યારીની વાત;
પછી તહાં જયસંગ કે, કેવી કહાવે વાતરે. ૫૫૯

## રાગ સારંગ.

શેઠે માંડ્યો ગ્રહસ્થા ધર્મ, મીલ્યું ઊગિયા કેરૂં કર્મ;
બહુ માન થકી બોલાવે, ભલી ભરથારના મન ભાવે ૫૧૦
કર્યો અની ઘણો સતકાર, ઘર માંહી વધાર્યો ભાર;
નવ કહી શકે કોઈ જંન, નારી વશ્ય ગઈ નાથ મન. ૫૧૧
એક પ્યારી ગને છે એન, જીવ અર્પણ કરે બો જેન;
પાછે પ્યારી નાણું તે વચન, ધન્ય ધન્ય ઊગીનાપા તુજને ધન્ય. ૫૧૨
તું છે વીશ વરસની નાર, મોહ્યો તારા પર દીલદાર;
બેઉ નેત્ર કમળ સમ દીસે, ઊર ભર્યું જોબનને વિષે. ૫૧૩
ચાલે હંસ તણી તું ચાલ, શોભે ટીલડી લાલી ભાલ;
ભ્રકુટી ભ્રમ્મર બાણ કમાન, બેઉ કુચ છે રોડા સમાન. ૫૧૪
જાણો ઊર તણો ઊવારો, બેઊ બાહુનું મડણ ધારો;
કટી કેશરી સરખી ભાળી, શોભેસ્વર સરીખી તાળી. ૫૧૫
બેઉ જંઘા છે કેળના થંભા, દેખી અંતર મોહે બ્રહ્મા[1];
વળી જુઓ એનું જે વક્ત્ર[2], વાધે મદન[3] તેહને તંત. ૫૧૬
માંડે લઘુ લાઘવીથા પાય, શોભે વિદ્યુ[4] સર્વરી[5] માંહ્ય;
વાર વાર વનિતાએ જોઈ, બધા બગ્રે બુદ્ધિ ખોઈ. ૫૧૭
એવી રૂપમાં રૂડી એ નારી, દેખી વાસવનીક[6] બેઠો હારી;
વળી વાત બતાવે બહુ સંજ્ઞા, તથી શેઠને વધી ભાવના. ૫૧૮

---

૧ બ્રહ્મા  ૨ મુખ.  ૩ કામ.  ૪ વીજળી
૫ રાત.  ૬ ઈંદ્ર.

વળતી વધ્યું પરસ્પર હેત, સુખ પ્યારી પ્યારાનું સેત;
કાઢયો જનમારો સહુ એમ, પ્રીતે સારસ કાઢે જેમ, ૫૬૯
ખાધું પીધું કરયો આનંદ, રચ્યું જે રાગે પદબંધ;
ઈશ કીરપાથી કીધું કામ, વસી રહી બભુપુર[૭] ગામ. ૫૭૦
માંહી ખોડ ખાંપણ જો હોય, દેખી રીસ કરો નહી કોય;
આ છે પેહેલી વખતનો શ્રમ, વાંચી મુકીને મનનો ભ્રમ. ૫૭૧
સુભ સંવત ઓગણીશ કહાવે, સાલ ઉપર ત્રીશની આવે;
કવીએ કરવાને માંડ્યા માસે લીધું, અને પુર્ણ પુર્ણિમાએ કીધું. ૫૭૨

## વળણ.

પુર્ણિમાએ પુર્ણ આ, કરયું કાવ્ય પદબંધ;
જયસંગ કે સૌ જરૂર આ, વાંચો પ્રેમ પ્રબંધરે. ૫૭૩

---

૭ બાવળા.

## સમાપ્ત.